ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર

ગુજરાતી (પ્રથમ ભાષા)

ધોરણ: 10 **પ્રશ્નબેંક – 2026-27 (પ્રથમ સત્ર)**

સમાવિષ્ટ પ્રકરણ : 1 થી 15,25 લેખન : વિચાર વિસ્તાર, અહેવાલલેખન, સંક્ષેપલેખન, નિબંધલેખન

વ્યાકરણ : ધ્વનિશ્રેણી, જોડણી, સંજ્ઞા, વિશેષણ, ક્રિયાવિશેષણ, સમાસ, પ્રત્યય, અલંકાર, વાક્યપ્રયોગ, છંદ

વિભાગ – A (ગદ્ય વિભાગ)

G1015 કવિ,લેખક,કૃતિ,પાત્ર,ઉક્તિ,સાહિત્યપ્રકાર અંગે પરિચય મેળવે છે અને આપે છે.

(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.

કૃતિ	કર્તા
1. રેસનો ઘોડો	(અ) સુરેશ જોશી
2. વાઇરલ ઇન્ફેકશન	(બ) મહેન્દ્રસિંહ પરમાર
3. જન્મોત્સવ	(ક) રઘુવીર ચૌધરી
4. ડાંગવનો અને..	(ડ) વર્ષા અડાલજા
	(ઇ) ગુણવંત શાહ

1. ભૂલી ગયા પછી	(અ) મહેન્દ્રસિંહ પરમાર
2. છત્રી	(બ) ગુણવંત શાહ
3. જન્મોત્સવ	(ક) રઘુવીર ચૌધરી
4. ડાંગવનો અને..	(ડ) રતિલાલ બોરીસાગર
	(ઇ) સુરેશ જોશી

1. ચોપડાની ઇન્દ્રજાળ	(અ) સુરેશ જોશી
2. રેસનો ઘોડો	(બ) ગુણવંત શાહ
3. વાઇરલ ઇન્ફેકશન	(ક) ચંદ્રકાંત પંડ્યા
4. છત્રી	(ડ) વર્ષા અડાલજા
	(ઇ) રતિલાલ બોરીસાગર

કૃતિ	સાહિત્યપ્રકાર
1. ભૂલી ગયા પછી	(અ) આત્મકથાખંડ
2. વાઇરલ ઇન્ફેકશન	(બ) એકાંકી
3. ચોપડાની ઇન્દ્રજાળ	(ક) નવલિકા
4. રેસનો ઘોડો	(ડ) નિબંધ
	(ઇ) નવલકથા

1. જન્મોત્સવ	(અ) હાસ્યનિબંધ
2. ડાંગવનો અને..	(બ) આત્મકથાખંડ
3. છત્રી	(ક) લલિતનિબંધ
4. ચોપડાની ઇન્દ્રજાળ	(ડ) નવલિકા
	(ઇ) એકાંકી

1. રેસનો ઘોડો	(અ) એકાંકી
2. ભૂલી ગયા પછી	(બ) આત્મકથાખંડ
3. ડાંગવનો અને..	(ક) નવલિકા
4. ચોપડાની ઇન્દ્રજાળ	(ડ) લલિતનિબંધ
	(ઇ) નવલકથા

કૃતિ	મૂળસંગ્રહ
1. જન્મોત્સવ	(અ) ૐ હાસ્યમ્
2. રેસનો ઘોડો	(બ) ત્રીજો પુરુષ
3. ભૂલી ગયા પછી	(ક) ગૃહપ્રવેશ
4. છત્રી	(ડ) કોઈ વાર થાય કે
	(ઇ) મરો ત્યાં સુધી જીવો

કૃતિ	મૂળસંગ્રહ
1. વાઇરલ ઇન્ફેકશન	(અ) ત્રીજો પુરુષ
2. ડાંગવનો અને..	(બ) બાનો ભીખુ -1,2
3. ભૂલી ગયા પછી	(ક) મરો ત્યાં સુધી જીવો
4. ચોપડાની ઇન્દ્રજાળ	(ડ) રખડુનો કાગળ
	(ઇ) ગૃહપ્રવેશ

1. છત્રી	(અ) રખડુનો કાગળ
2. રેસનો ઘોડો	(બ) ઑં હાસ્યમ્
3. વાઇરલ ઇન્ફેકશન	(ક) કોઈ વાર થાય કે
4. ડાંગવનો અને..	(ડ) મરો ત્યાં સુધી જીવો
	(ઇ) ત્રીજો પુરુષ

કૃતિ	પાત્ર
1. જન્મોત્સવ	(અ) વિરાટ
2. રેસનો ઘોડો	(બ) ગોવિંદ
3. ભૂલી ગયા પછી	(ક) યશ
4. ચોપડાની ઇન્દ્રજાળ	(ડ) જયાવતી
	(ઇ) બબલી

1. ભૂલી ગયા પછી	(અ) રાજેન્દ્ર શુક્લ
2. વાઇરલ ઇન્ફેકશન	(બ) સલોની
3. છત્રી	(ક) સ્વામી વિવેકાનંદ
4. ડાંગવનો અને	(ડ) રવીન્દ્રનાથ ટાગોર
	(ઇ) વિશાખા

કૃતિ	પાત્ર
1. ડાંગવનો અને ..	(અ) દાસકાકા
2. રેસનો ઘોડો	(બ) આનંદ
3. ભૂલી ગયા પછી	(ક) જગદીશભાઈ
4. ચોપડાની ઇન્દ્રજાળ	(ડ) ફોરમ
	(ઇ) અસિત

પાત્ર	ઉક્તિ
1. નીનાબહેન	(અ) છોરો તો છે હાવ કિશન ભગવાન જેવો
2. સલોની	(બ) બારેક વાગતાં આવી પૂગહે
3. ગોવિંદ	(ક) ટંકણખાર દીધો તોય કાંઈ નો વળ્યું.
4. વેલજી	(ડ) અરે!પેલો ગુલમહોર કેવો ખીલ્યો છે!
	(ઈ) આપણે મધ્યમ વર્ગના માણસ છીએ.

1. મંજુકાકી	(અ) તું તો જાણે સુંદરીમાંથી શક્તિ બની
2. કાનજી	(બ) બેટા! મારી પરીક્ષામાં તો તું પાસ હો!
3. જીવલો	(ક) પ્રકૃતિ માતા વરદાત્રી છે.
4. નરેન	(ડ) તારા પૈહા દૂધે ધોઈને આલવાના!
	(ઇ)અક્કરમીએ મધરાતે આંઈ જનમ લીધો

1. દેવજી	(અ)તમારા લોકોનું સપનું પૂરું ન કરી શક્યો
2. ચંદ્રકાંત પંડયા	(બ) તમે મને એક ચીજ આપશો ?
3. વિરાટ	(ક) જા,તું હવે અમારા લેણાંમાંથી છુટો!
4. અંકિત	(ડ) મોસ્ટ હેપી મેન ઇન ધ યુનિવર્સ
	(ઈ) જરા ઈના ટાંટિયા વાળી લો ને !

G1008 ગદ્ય-પદ્યના હાર્દને સમજી રજૂ કરી ઉત્તરો લખે છે અને મૌખિક કે લેખિત રજૂ કરે છે.

(બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

1. 'રેસનો ઘોડો' કૃતિના સર્જક _____છે.(વર્ષા અડાલજા, વર્ષા ભાવસાર, વર્ષા ત્રિવેદી)

2. 'રેસનો ઘોડો' કૃતિ _____સંગ્રહમાંથી લેવામાં આવેલ છે?

(ચાલ,જીવી લઈએ, કોઈ વાર થાય કે, અગનપંખ)

3. વર્ષા અડાલજાએ _____માં પ્રવક્તા તરીકે કામ કર્યું હતું.

(દૂરદર્શન, આકાશવાણી, ટેલિકૉમ)

4.સંજયનું મૃત્યુ _____ને કારણે થયું હતું. (કેન્સર, કિડની ફેઇલ, ટી.બી.)

5. ફોરમને _____રોગ થયો હતો. (પોલિયો,કમળો, મેલેરિયા)

6. નીનાબહેને સંજય પાસે અંકિતનું _____માંગ્યું. (શૈશવ, ભણતર, વેકેશન)

7. 'ભૂલી ગયા પછી' કૃતિના સર્જક _____છે.

(રઘુવીર યાદવ, રઘુવીર શર્મા,રઘુવીર ચૌધરી)

8. 'ભૂલી ગયા પછી' કૃતિ _____સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.

(પ્રથમ પુરુષ, બીજો પુરુષ, ત્રીજો પુરુષ)

9. મનીષા અને તેના મિત્રો પર્વતારોહણ શિબિર માટે _____પર્વત પર ગયા હતા.

(ગિરનાર, એવરેસ્ટ, આબુ)

10. મનીષાએ _____કુટુંબને રીંછના હુમલામાંથી બચાવ્યું હતું. (સોરઠી,સુરતી,કચ્છી)

11. _____ને શિકારનો શોખ હતો. (નરેન, વિરાટ, મનીષા)

12. નરેને _____ની તાલીમ લીધી હતી. (લશ્કર, પોલીસ, વનસંરક્ષક)

13. 'વાઇરલ ઇન્ફેકશન' કૃતિના સર્જક _____છે.

(ગુણવંત આચાર્ય, ગુણવંતશાહ, ગુણવંત શ્રોફ)

14. ગુણવંત શાહનો જન્મ સુરત જિલ્લાના _____મુકામે થયો.

(ચલથાણ, રાંદેર, કામરેજ)

15. ગુણવંત શાહને ભારત સરકારના _____એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે.

(પદ્મશ્રી, ભારતરત્ન, દ્રોણાચાર્ય)

16. 'વાઇરલ ઇન્ફેકશન' કૃતિ _____સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.

(મરો ત્યાં સુધી જીવો, ૐ હાસ્યમ્, વિચારોના વૃંદાવન)

17. _____દેશમાં કોઈ માંદું પડે તો દાક્તરને સજા કરવામાં આવતી હતી.

(રશિયા, ચીન , ઉત્તર કોરિયા)

18. ભારતમાં ગંદકીથી ખલેલ પામનાર સંત _____હતા.

(સ્વામી વિવેકાનંદ, સ્વામી દયાનંદ સરસ્વતી, સ્વામી શિવાનંદ)

19. _____માંદગીને અપરાધ ગણાતા હતા. (વિનોબા ભાવે, ગાંધીજી, ગુણવંત શાહ)

20. ‘વાઇરલ ઇન્ફેકશન’ કૃતિમાં પૌરાણિક કાળની _____નામની રાક્ષસીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. (પૂતના, તાડકા, શુર્પણખા)

21. ‘છત્રી’ કૃતિના લેખકનું નામ _____છે.
(રતિલાલ બુચ, રતિલાલ બોરીસાગર, રતિલાલ વર્મા)

22. ‘છત્રી’ કૃતિ _____સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.(આનંદલોક, ૐ હાસ્યમ્, મરકમરક)

23. છત્રી પર _____લખવાનો ઉપાય કારગત નીવડ્યો.
(બાયોડેટા, નામ-સરનામું, ધાર્મિક ચિહ્ન)

24. ‘છત્રી’ કૃતિમાં ભારતીય સાહિત્યકાર _____ના નામનો ઉલ્લેખ થયો છે.
(બંકિમચંદ્ર, રવીન્દ્રનાથ ટાગોર, પ્રેમચંદ)

25. લેખક છત્રી લેવા _____જવા સુધી મક્કમ હતા. (રશિયા, ઈટાલી, શ્રીલંકા)

26. ‘ડાંગવનો અને’ કૃતિ _____સંગ્રહમાંથી લેવામાં આવી છે.
(રખડુનો કાગળ, રખડુની ટોળી, રખડવાનો આનંદ)

27. અંક્લેશ્વરને મિત્રો _____ના નામથી સંબોધન કરતા હતા.
(નારેશ્વર, ગંદકેશ્વર, ગરુડેશ્વર)

28. લેખકને _____નદીએ હરહંમેશ ઝંકૃત કર્યા છે. (તાપી, વિશ્વામિત્રી, નર્મદા)

29. ‘ડાંગવનો અને’ કૃતિમાં લેખકે _____ને યાદ કર્યા છે.
(રમેશ પારેખ, રાજેન્દ્ર શાહ, રાજેન્દ્ર શુક્લ)

30. ‘ડાંગવનો અને’ કૃતિના લેખકે પોતાની અને ભાવકની વચ્ચે અંગત સેતુ રચવા _____શૈલી પસંદ કરી છે. (સંવાદ, પત્ર, વક્તવ્ય)

31. ‘ચોપડાની ઇન્દ્રજાળ’ કૃતિનો સાહિત્યપ્રકાર _____છે. (આત્મકથા, ડાયરી, નવલિકા)

32. ચોપડાની ઇન્દ્રજાળ કૃતિમાં _____ગામની વાત કરવામાં આવેલ છે.
(બરૂમાળ, મરઘમાળ, પીંપરોળ)

33. લેખકના પિતાને ગામમાં સૌ _____કહીને બોલાવતા. (શેઠ, માલિક, હાઉકાર)

34. લેખકના પિતાજી પાસેથી જીવલાએ _____રકમ વ્યાજે લીધી હતી. (350,300,500)

35. જીવલો દાનતનો _____હતો. (પાકો, લુચ્ચો, શુદ્ધ)

36. બાપુના મૃત્યુ પછી હિસાબનું કામકાજ _____કરતા હતા. (રામુકાકા, દાસકાકા,શંભુકાકા)

37. ‘પોતે ગાંધીવાદી જીવન જીવે છે’ એ ખ્યાલ લેખકને _____લાગ્યો. (પોકળ,ખોખલો, દંભી)

38. ગરીબોનું શોષણ કરનાર ચોપડાનો રંગ _____હતો. (લીલો, કેસરી, રાતો)

39. ગરીબોનું લોહી ચૂસી _____બનેલા શાહુકારી ચોપડાના પાનાં લેખકે ચીરી નાખ્યાં.
(હરિતવર્ણા, શ્યામવર્ણા, રક્તવર્ણા)

40. 'જન્મોત્સવ' કૃતિ _____સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.
(વનપ્રવેશ, ગૃહપ્રવેશ, જનાન્તિકે)

41. અસિત _____થી ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગનું શિક્ષણ પ્રાપ્ત કરેલ.
(ફ્રાંસ, જર્મની, અમેરિકા)

42. કૃષ્ણ જન્મદિન પર રામદીન શરણાઈવાળાએ _____ના સૂર છેડયા.
(મલ્હાર, ભૈરવી, બિભાસ)

43. જયાવતી શેઠાણીએ 'જાગો મેરે નંદલાલ' _____ઉપાડ્યું હતું. (લોકગીત,ભજન,હાલરડું)

44. વટપત્રમાં સૂતેલા ભગવાનના મોંઢા પર _____હાસ્ય હતું.
(જગમોહન,ભુવનમોહન,મનમોહક)

45. વૃંદાવનદાસ અને એમની મંડળી _____નું શ્રવણ કરતી હતી.
(ભાગવત, રામાયણ, મહાભારત)

46. **'ભજ' ધાતુનો મૂળ અર્થ _____થાય છે. (સંસ્કાર, ભજન , સેવા)**

47. શ્રીમદ્ ભગવદ્ગીતાનાં 7થી 12 અધ્યાયોમાં વિશેષત: _____યોગને વિગતવાર સમજાવામાં આવ્યો છે. (જ્ઞાન, કર્મ,ભક્તિ)

G1005 ટૂંકા વાક્યોને શુદ્ધ ઉચ્ચારણ સાથે આરોહ-અવરોહનો ઉપયોગ કરીને લખે છે.

(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.

1. વિનુકાકા વાતવાતમાં શું કહેતા હતા?
2. વિનુકાકા ટી. વી પર કઈ ચેનલ બતાવતા હતા?
3. સૌરભને કમ્પ્યુટર શા માટે શીખવું છે?
4. સૌરભને કમ્પ્યુટર કલાસમાંથી શેનું સર્ટિફિકેટ પ્રાપ્ત થયું?
5. અંકિતને કયા પુસ્તકો ભેટમાં મળ્યા હતા?
6. સૌરભ અને અંકિતને એસ. એસ. સી. માં કેટલા ટકા આવ્યા હતા?
7. અંકિતના માતપિતાનું સ્વપ્ન શું હતું?
8. 'રેસનો ઘોડો' નવલિકાનો બીજો ભાગ કેટલા વર્ષ પછીનો દર્શાવ્યો છે?
9. અંકિતનાં પરિવારના સદસ્યોના નામ જણાવો.
10. સૌરભને કોના માટે સમય નથી ?
11. નીનાબહેન કયું કામ સેવાભાવથી કરતા હતા ?

12. સલોની અને નરેન વચ્ચે કયો સંબંધ છે ?
13. મનીષાએ કયા મુદ્દા પર ભાષણ આપેલું ?
14. મનીષાએ કયું પરાક્રમ કર્યું હતું ?
15. ભૂલી ગયા પછી કૃતિમાં કયા શાયરનો શેર મૂકવામાં આવ્યો છે?
16. જંગલી પ્રાણીઓ વિશે મનીષાનો અભિપ્રાય શો હતો ?
17. 'ભૂલી ગયા પછી' કૃતિમાં કઈ ઘટનાઓનું વર્ણન છે ?
18. 'ભૂલી ગયા પછી' કૃતિમાં મહાભારત કાળના કયા પાત્રના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે?
19. 'વાઇરલ ઇન્ફેકશન' કૃતિ કયા નિબંધસંગ્રહમાંથી લેવામાં આવી છે?
20. ગુણવંત શાહને ભારત સરકાર દ્વારા કયો સન્માન પ્રાપ્ત થયેલ છે ?
21. ગુણવંત શાહે ' વાઇરલ ઇન્ફેકશન ' કૃતિમાં કયું સામાજિક કાર્ય કરેલ છે ?
22. માણસ પોતાના શરીર સાથે કેવી રીતે વર્તે છે ?
23. 'વાઇરલ ઇન્ફેકશન' કૃતિમાં આઝાદીની કઈ લડતના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે?
24. હૉસ્પિટલની શોભામાં શાનાથી વધારો થઈ શકે?
25. ગુણવંત શાહના મતે ' વાઇરલ ઇન્ફેકશન' એટલે શું ?
26. ભારતની પ્રજામાં શેના પ્રત્યે સૂગ જોવા મળતી નથી ?
27. ભારતમાં કયા આધ્યાત્મિક સંત ગંદકીથી ખલેલ પામ્યા હતા?
28. ગાંધીજી માંદગીને કઈ રીતે મૂલવતા ?
29. ગુણવંત શાહ રોગ અને આરોગ્ય વિશે શું કહે છે ?
30. ગુણવંત શાહની દૃષ્ટિએ રોગના મૂળમાં શું રહેલું છે?
31. ભજનાનંદથી શો લાભ થાય છે?
32. લેખકે તાણને કોની સાથે સરખાવી છે?
33. તન અને મનના આરોગ્ય માટેની પૂર્વશરત કઈ છે?
34. ગુણવંત શાહે રોકાણ અને ડિવિડન્ડને કોની સાથે સરખાવ્યા છે?
35. 'છત્રી' કૃતિ કયા નિબંધસંગ્રહમાંથી લેવામાં આવી છે?
36. રતિલાલ બોરીસાગરે ગુજરાત સરકારના કયા વિભાગમાં સેવા આપી હતી?
37. રતિલાલ બોરીસાગરની હાસ્યનવલ કઈ છે?
38. લેખકને કેવી છત્રી પસંદ આવી ?
39. દુકાનદારે લેખક માટે કયું સંબોધન કર્યું ?
40. દુકાનદારે પોતાની છત્રી વિશે શું કહ્યું ?

41. દુકાનદારે છત્રી પાઠના લેખકને કઈ સલાહ આપી?
42. લેખકના સાન્નિધ્યમાં છત્રી કેવી બની જાય છે?
43. લેખક છત્રી લેવા રાજકોટ જવા શા માટે મક્કમ હતા?
44. 'છત્રી' કૃતિમાં લેખકે કઈ બાબતને જોડીને નિર્દોષ હાસ્ય નિષ્પન્ન કર્યું છે?
45. આહવા જતાં પહેલાં લેખક ક્યાં અને કેટલા દિવસ રોકાયા હતા?
46. 'ડાંગવનો અને' કૃતિના સર્જકને કોની સાથે ઘરોબો કેળવાઈ ગયેલો?
47. લેખકને કોણે હરહંમેશ ઝંકૃત કર્યા છે?
48. લેખકને અંકલેશ્વર શા માટે પ્રિય છે?
49. 'ડાંગવનો અને' કૃતિમાં લેખકે નર્મદાની સાથોસાથ બીજા કયા સ્થળોને યાદ કર્યા છે?
50. ડાંગવનો અને પાઠમાં લેખકના ક્યાં લક્ષણો અનુભવાય છે?
51. લેખકને આહવાના આદિવાસી સમાજની કઈ રીત તાત્ત્વિક લાગી?
52. 'ચોપડાની ઇન્દ્રજાળ' કૃતિમાં લેખકે બાળપણમાં જોયેલી કઈ બાબતને રજૂ કરી છે?
53. ઉજ્જડ જમીનમાં જે ધાન પાકતું તેમાં કોનો હિસ્સો રહેતો ?
54. શાહુકારો કયા પ્રકારનું ગણિત ગણાતા ?
55. શાહુકારના ચોપડાની ઇન્દ્રજાળ કેવી હતી?
56. લેખકના પિતાને ગામમાં શું કહીને બોલાવતા?
57. પિતાનાં અવસાન પછી પરિવારના ગુજરાન ચલાવવા માટે કયા સાધન રહ્યા?
58. 'હાઉકારના પોયરાને આપદા ની પડવી જોઈએ' –આ વિધાનમાં કયો ભાવ વ્યકત થાય છે?
59. લેખકના મિત્રોના નામ જણાવો.
60. ઉધરાણીએ જતાં લેખકને બા ભાતામાં શું આપતા હતાં?
61. જીવલાને શાહુકારના ચોપડા અંગે કયો દૃઢ મત હતો?
62. 'ચોપડાની ઇન્દ્રજાળ' કૃતિમાં શાનું તાદૃશ્ય ચિત્ર ઉપસાવવામાં આવેલ છે?
63. લેખકનું હૃદય ક્યારે દ્રવી ઊઠયું?
64. લેખકને કયા ખ્યાલ દંભપૂર્ણ લાગ્યા?
65. ગરીબોનું શોષણ કરનાર ચોપડાનો રંગ કેવો હતો?
66. જીવલાએ કેટલા રૂપિયા વ્યાજે લીધેલા ? વ્યાજ પેટે શું આપતો ?
67. 'જન્મોત્સવ' કૃતિમાં લેખકે કઈ પરિસ્થિતિનું આલેખન કર્યું છે?
68. 'જન્મોત્સવ' કૃતિ કયા સંગ્રહમાંથી લેવામાં આવેલ છે ?
69. માણકી શા કારણે કણસી રહી હતી?

70. કૃષ્ણ અને કિશનના જન્મની પરિસ્થિતિ કેવી રીતે વ્યક્ત થઈ છે?

71. ગોકુળમાં શેનો ઉત્સવ જામ્યો હતો?

72. રામદીન શરણાઈવાળાએ કયા કયા રાગના સૂર છેડયા હતા?

73. 'ફાટીતૂટી ગુણપાટ,કાટ ખાયેલ પતરાનું છાપરું,ઝૂંપડાં ફગફગિયો દીવો'..શાનું તાદૃશ વર્ણન કરે છે?

74. ભગવદ્ગીતા શાનો ત્રિવેણી સંગમ છે?

75. અભ્યાસ શબ્દનો શો અર્થ થાય ?

76. ભક્તિયોગ સમજતાં પહેલાં શું સમજવું આવશ્યક છે?

77. આપણું કાર્ય કોને સમર્પિત કરવાનું છે?

78. એકાગ્રતા શાનાથી વધે છે?

G1021 પાઠ્યપુસ્તક અને વાંચેલી,સાંભળેલી,જોયેલી સામગ્રીમાંથી માહિતી મેળવવા શા માટે?કેવી રીતે જેવા પ્રશ્ન પૂછી ઉત્તર આપે છે.

(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાકયોમાં ઉત્તર લખો.

1. અંકિતને પાસે બેસાડીને વિનુકાકા શી શિખામણ આપતા હતા?

2. વિનુકાકા સૌરભ અને અંકિત પાસે શી પ્રવૃત્તિઓ કરાવતા?

3. બાળકોના શૈક્ષણિક વિકાસ અંગે વિનુકાકાની પ્રતિક્રિયા શી હતી?

4. નીનાબહેન સાંજના સમયે શી પ્રવૃત્તિ કરતાં હતાં?

5. નીનાબહેને કયું કામ છોડી દીધું ? શા માટે?

6. અંકિતે પરિવારની જવાબદારી શી રીતે નિભાવી?

7. 'બેટા,ચાલ,બહુ મોડું થઈ ગયું' – વિનુકાકાના આ વિધાનનો ગૂઢાર્થ સમજાવો.

8. 'ઉતાવળે આંબા ન પાકે' અને 'વાવો તેવું લણો' –આ કહેવતો રેસનો ઘોડો કૃતિ સાથે કેટલી સુસંગત છે? કઈ રીતે?

9. નરેન જે મનીષાને ઓળખતો હતો તે મનીષા કેવી હતી ?

10. વિરાટે નરેન અને મનીષાની સગાઈની શા માટે ના પાડી?

11. નરેન લગ્નનાં માગાં પાછાં શા માટે ઠેલતો હતો?

12. વિરાટે મનીષાનાં પરાક્રમ વિશે શું કહ્યું?

13. 'હૃદયરોગનો હુમલો કાંઈ મફતમાં મળતો નથી'- આ વિધાનને વાઇરલ ઇન્ફેકશન પાઠને આધારે ચર્ચો.

14. લેખક કઈ બાબતને સભ્ય સમાજ માટે કલંકરૂપ માને છે?

15. ભારતીય પ્રજાને ગંદકી પ્રત્યે સૂગ શા માટે જોવા મળતી નથી?
16. ધૂમ્રપાન અને મદિરાનું સેવન અંગે લોકોમાં કેવા તર્ક જોવા મળે છે? સ્પષ્ટ કરો.
17. 'છત્રી' પાઠના લેખક બજારમાં શા માટે ગયા? તેઓ શું ખરીદીને ઘેર પરત આવ્યા?
18. દુકાનદારની લેખક સામેની વર્તુણક કેવી હતી? એ જોઈ લેખકના મનમાં કયો વિચાર ઉદ્‌ભવ્યો?
19. દુકાનદારે પોતાની છત્રી વિશે શું કહ્યું? તેનો લેખકે શો પ્રત્યુત્તર આપ્યો?
20. રવીન્દ્રનાથ ટાગોરની વાર્તાનું તાત્પર્ય સમજાવો.
21. લેખકની પાસે છત્રી શા માટે ટકતી નથી?
22. છત્રી પર નામ-સરનામું લખવાનો ઉપાય સફળ થયો એમ લેખકને શા માટે લાગ્યું?
23. રાજકોટ છત્રી લેવાની બાબતમાં લેખક શા માટે મક્કમ રહ્યા?
24. રાજકોટ છત્રી લેવા જવાની વાત પરિવારના લોકોને કેવી લાગતી હતી? શા માટે?
25. તમારા જીવનમાં કોઈ વસ્તુ ભૂલી ગયા હોય ને તેનાં કારણે પડેલી મુશ્કેલી વર્ણવો.
26. 'ડાંગવનો અને' કૃતિના લેખકને અંકલેશ્વર શા માટે પ્રિય છે?
27. લેખકના નર્મદામાં સ્નાન કરવાના અનુભવો વર્ણવો.
28. ગિરમાળના ધોધનું વર્ણન કરો.
29. લેખક પોતાને ટચૂકડા બુભુક્ષુ માછીમારો સાથે સરખામણી શા માટે કરે છે?
30. લેખકની પ્રત્યેક સફર યાત્રા કેવી રીતે બની રહે છે?
31. ડાંગના આદિવાસી સમાજની મરણને ઉજવવાની રીત વર્ણવો.
32. આહવાની લોકસંસ્કૃતિ જીવંત છે એમ લેખક શા માટે કહે છે?
33. પિતાજીના અવસાન બાદ બા પરિવારની જવાબદારી કેવી રીતે નિભાવતાં?
34. દર વર્ષે જીવલો લેખકના ઘરે કઈ કઈ વસ્તુઓ આપવા જતો? શા માટે?
35. ' જીવલો દાનતનો શુદ્ધ હતો' એમ શા કારણે કહી શકાય?
36. લેણદાર અને દેણદારના આવકારમાં રહેલો કયો વિરોધાભાસ લેખકને ખૂંચ્યો?
37. રવિવારે ઉઘરાણી જવાના લેખકના અનુભવો વર્ણવો.
38. લેખકને પોતાની જાત પર તિરસ્કાર શા માટે આવ્યો ?
39. બાને ખેતર શા માટે વેચી દેવું પડ્યું હતું?
40. લેખકનું હૃદય શા માટે દ્રવી ઊઠ્યું? તેનું શું પરિણામ આવ્યું?
41. લેખકને પોતે ગાંધીવાદી જીવન જીવે છે એ વાત દંભી શા માટે લાગી?
42. ભીખુ એ જીવલાને દેવામાંથી કેવી રીતે મુક્ત કર્યો?
43. કાનજી અને દેવજી બાળકને લઈને ક્યાં જતા હતા? શા માટે?

44. ગોકુળમાં ઉજવાયેલા કૃષ્ણજન્મોત્સવનું વર્ણન કરો.

45. કાનજીએ ભવિષ્યનું કયું દૃશ્ય જોયું?

46. 'જન્મોત્સવ' વાર્તાનું સમાપન શેનો સંકેત આપે છે?

G1008 ગદ્ય-પદ્યનાં હાર્દને સમજીને ઉત્તરો લખે છે અને મૌખિક કે લેખિત રજૂ કરે છે?

(ઇ) નીચેના પ્રશ્નોના સાત- આઠ વાક્યોમાં ઉત્તર લખો.

1. 'રેસનો ઘોડો' વાર્તાનું કયું પાત્ર ગમ્યું? શા માટે?
2. 'રેસનો ઘોડો' શીર્ષક ઉચિત છે કે કેમ? સમજાવો.
3. આખરે તો શિક્ષણનું ધ્યેય 'બાળક ઉમદા માણસ બને તે છે' –આ વિધાન કૃતિને આધારે ચર્ચો.
4. મંજુકાકી અને નીનાબહેનના વ્યવહાર અને સ્વભાવમાં શું તફાવત છે?
5. વિનુકાકાનો બાલઘડતર વિષયક દૃષ્ટિકોણ અને મંજુકાકીની માતૃસહજ ચિંતા વચ્ચેનો વિરોધાભાસ સ્પષ્ટ કરો.
6. 'અંકિત ભણતરમાં રેસનો ઘોડો ન બન્યો પણ જીવનની રેસ જીતી ગયો' –વિધાનના આધારે અંકિતને મૂલવો.
7. પોતાના પુત્રના ભવિષ્ય માટે વિનુકાકા અને સંજયભાઇના વિચારોની તુલના કરો.
8. સંજયભાઇ અને વિનુકાકા સાથે રહેવા છતાં બંને વચ્ચે અંતર શા માટે વધતું ગયું?
9. 'કાળા માથાનો માનવી ધારે તે કરી શકે' આ વિચાર મનીષાનાં પાત્ર દ્વારા સમજાવો.
10. મનીષાનાં વ્યક્તિત્વમાં આવેલું પરિવર્તન એ માત્ર શારીરિક બળ નથી પરંતુ આત્મવિશ્વાસ અને પ્રેમની તાકાત છે – આ વિધાનને સવિસ્તર સમજાવો.
11. નરેનનું પાત્રનિરૂપણ કરો.
12. 'વાઇરલ ઇન્ફેકશન' પાઠના આધારે આરોગ્યજાળવણી અંગેનાં વિચારો સ્પષ્ટ કરો.
13. 'વાઇરલ ઇન્ફેકશન' પાઠના આધારે લેખકે સૂચવેલા સામાજિક જાગૃતિનાં પગલાં જણાવો.
14. છત્રી ન ખોવાય એ માટે લેખકને કેવા અભિપ્રાયો પ્રાપ્ત થયા? કયો અભિપ્રાય યોગ્ય લાગ્યો?
15. તમારા જીવનમાં બનેલ હાસ્ય પ્રગટ કરતો પ્રસંગ વર્ણવો.
16. લેખકનું રાજકોટ જવાની મક્કમતા તમારા મતે યોગ્ય છે અયોગ્ય ? શા માટે ?
17. અમદાવાદ – રાજકોટની મુસાફરીની ઘટના તમારા શબ્દોમાં લખો.
18. અસ્તિત્વની પરમતા અને ભવ્યતા- બેયનો નજદીકી અને બારીક અનુભવ થાય- વિધાનને આહવાની વનસંપદાને આધારે સમજાવો.
19. લેખકનો 'રખડુ સ્વભાવ' માત્ર રખડપટ્ટી નથી પણ પ્રકૃતિ પ્રત્યેની ઉત્કટ સંવેદના છે – આ વિધાન પાઠના આધારે સ્પષ્ટ કરો.

20. ચોપડાની ઇન્દ્રજાળ એટલે શું? એ જાળ કોણે તોડી? શા માટે?
21. જીવલાની સ્થિતિ જોઈને લેખકના મસ્તિષ્કમાં ઉઠેલ મનોમંથનને તમારા શબ્દોમાં આલેખો.
22. રાતો ચોપડો ફાડી નાખવા પાછળ લેખકનું મનોમંથન વર્ણવો.
23. 'શાહુકારી પ્રથાની ક્રૂરતા સામે જીવલાનું પાત્ર નિર્દોષતાનું ઉત્તમ ઉદાહરણ છે'- સમજાવો.
24. 'જીવલો શાહુકારનો જનમજનમનો ઋણી છે'- એવું લેખકને શા માટે લાગે છે?
25. ચોપડાની ઇન્દ્રજાળ શીર્ષકની યથાર્થતા ચર્ચો.
26. નિજમંદિરમાં ઊભું કરેલું કૃષ્ણજન્મોત્સવનું દૃશ્ય વર્ણવો.
27. 'જન્મોત્સવ' પાઠના આધારે નવજાત બાળકની કરુણતા તમારા શબ્દોમાં લખો.
28. 'જન્મોત્સવ' શીર્ષકની યથાર્થતાને સમજાવો.
29. માણેકની લાચારી અને વેદનાભરી પરિસ્થિતિનું વર્ણન તમારા શબ્દોમાં લખો.

વિભાગ-B (પદ્ય વિભાગ)

G-1015: કવિ, લેખક, કૃતિ, પાત્ર, ઉક્તિ, સાહિત્યપ્રકાર, અંગે પરિચય મેળવે છે અને આપે છે.

(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. (ગમે તે એક)

(1)

કૃતિ	કર્તા
1. વૈષ્ણવજન	(અ) વિનોદ જોશી
2. હું એવો ગુજરાતી	(બ) જયંત પાઠક
3. શીલવંત સાધુને	(ક) નરસિંહ મહેતા
4. શિકારીને	(ડ) ગંગાસતી
	(ઇ) કલાપી

(2)

કર્તા	કૃતિ
1. જયંત પાઠક	(અ) બોલીએ ના કાંઈ
2. કલાપી	(બ) વતનથી વિદાય થતાં
3. હરીન્દ્ર દવે	(ક) દીકરી
4. અશોક ચાવડા	(ડ) શિકારીને
	(ઇ) માધવને દીઠો છે ક્યાંય?

(3)

કૃતિ	કર્તા
1. દીકરી	(અ) ગંગાસતી
2. શીલવંત સાધુને	(બ) બેદિલ
3. બોલીએ ના કાંઈ	(ક) જયંત પાઠક

4. વતનથી વિદાય થતાં

(ડ) હરીન્દ્ર દવે

(ઇ) રાજેન્દ્ર શાહ

(4)

કૃતિ	સાહિત્યપ્રકાર
1. વતનથી વિદાય થતાં	(અ) ગઝલ
2. દીકરી	(બ) ઊર્મિકાવ્ય
3. શીલવંત સાધુને	(ક) સૉનેટ
4. વૈષ્ણવજન	(ડ) ભજન
	(ઇ) પદ

(5)

સાહિત્યપ્રકાર	કૃતિ
1. ભજન	(અ) માધવને દીઠો છે ક્યાંય?
2. ઊર્મિગીત	(બ) વૈષ્ણવજન
3. ગીત	(ક) દીકરી
4. ગઝલ	(ડ) હું એવો ગુજરાતી
	(ઈ) શીલવંત સાધુને

(6)

કૃતિ	સાહિત્યપ્રકાર
1. બોલીએ ના કાંઈ	(અ) પદ
2. વૈષ્ણવજન	(બ) ગીત
3. માધવને દીઠો છે ક્યાંય?	(ક) ઊર્મિકાવ્ય
4. શિકારીને	(ડ) ઊર્મિગીત
	(ઇ) ભજન

(7)

કૃતિ	મૂળસંગ્રહ
1. દીકરી	(અ) શ્રુતિ
2. વતનથી વિદાય થતાં	(બ) પગરવ તળાવમાં
3. માધવને દીઠો છે ક્યાંય?	(ક) અંતરીક્ષ
4. શિકારીને	(ડ) કલાપીનો કેકારવ
	(ઇ) વરસાદની મૌસમ

(8)

કૃતિ	કાવ્યસંગ્રહ
1. માધવને દીઠો છે ક્યાંય?	(અ) શ્રુતિ
2. બોલીએ ના કાંઈ	(બ) વરસાદની મોસમ છે
3. દીકરી	(ક) અંતરીક્ષ
4. શીલવંત સાધુને	(ડ) પગરવ તળાવમાં
	(ઇ) ગંગાસતીની ભજનગંગા

G-1008: ગદ્ય-પદ્યના હાર્દને સમજી, રજૂ કરી, ઉત્તરો લખે છે અને મૌખિક કે લેખિત રજૂ કરે છે.

(બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

1. વૈષ્ણવજનનાં લક્ષણો વિશે વિચારતાં, જે વ્યક્તિ કોઈના પર ઉપકાર કર્યા પછી પણ મનમાં ..... રાખતો નથી. (ભેદ, અભિમાન, વૈરાગ્ય)
2. સાચો વૈષ્ણવજન પોતાની જીભ પર સંયમ રાખે છે, જેથી તે ક્યારેય..... બોલતો નથી. (અસત્ય, સત્ય, કડવું)
3. નરસિંહ મહેતાની રચનાઓ અને તેમના કાવ્યપ્રકારોનો અભ્યાસ કરતાં માલૂમ પડે છે કે, તેમનાં પ્રભાતિયાં ઉપરાંત ..... ખૂબ જ જાણીતાં છે?
(કૃષ્ણલીલાનાં પદ, શિવસ્તુતિનાં પદ, રામચરિત પદ)
4. 'વૈષ્ણવજન' કાવ્યના ભાવાર્થ મુજબ, જે વ્યક્તિ લોભ, કપટ, કામ અને ક્રોધરહિત હોય તેનાં દર્શન કરવાથી ..... પેઢી તરી જાય છે. (પંચોતેર, બાવન, ઇકોતેર)
5. નરસિંહ મહેતા ગુજરાતી સાહિત્યમાં .....ના વિશેષ નામથી જાણીતા છે.
(મહાકવિ, આદિકવિ, રાષ્ટ્રકવિ)
6. 'જેને શત્રુ કે મિત્ર એકે નહીં ઉરમાં...' પંક્તિમાં કવિનો મુખ્ય ભાવ _____ દર્શાવવાનો છે. (શત્રુ પ્રત્યેનો તિરસ્કાર, જીવનથી નિર્લેપતા, સંસારનો સંપૂર્ણ ત્યાગ)
7. શીલવંત સાધુ પોતાના જીવનમાં આધ્યાત્મિક ઓળખને મહત્ત્વ આપી _____ને મિથ્યા ગણે છે. (નામરૂપ, ધન-દૌલત, સંબંધો)
8. ગંગાસતીનાં ભજનોમાં સાધનાની સાચી દિશા દર્શાવવા માટે તે પોતાની શિષ્યા અને પુત્રવધૂ _____ ને ઉદ્દેશીને વાત કરે છે. (માનબાઈ, જનાબાઈ, પાનબાઈ)

9. સાચા સાધુની કે ગુણવાન વ્યક્તિની સંગત કરવાથી માનવજીવન _____ ની દિશામાં આગળ વધે છે. (ભવપાર, સંસારનાં દુઃખો, સ્વાર્થ)
10. ભાવનગર જિલ્લાના સમઢિયાળા મુકામે આવેલ સ્થળ ગંગાસતીના આધ્યાત્મિક જીવન સાથે જોડાયેલ _____ તરીકે ઓળખાય છે. (જન્મસ્થળ, સમાધિસ્થળ, વિદ્યાપીઠ)
11. દીકરીની સમજણ વિસ્તરી છે તે ત્યારે જ કહેવાય જ્યારે તે માબાપને _____ આપવાનું શરૂ કરે. (સહારો, સલાહ, ઉપદેશ)
12. શિલ્પી જેમ વર્ષો સુધી પથ્થર કોતરે છે, તેમ માતાપિતા ધીમે ધીમે દીકરીનું _____ કરે છે. (પૂજન, રક્ષણ, ઘડતર)
13. સૂર, શરણાઈ અને સગાંસંબંધીઓની ભીડ વચ્ચે કવિને દીકરીના _____ ની યાદ આવે છે. (લગ્નપ્રસંગ, બાળપણ, જન્મદિન)
14. 'દીકરી' ગઝલના પ્રત્યેક શેરમાંથી દીકરી પ્રત્યેનો _____ ભાવ પ્રગટ થાય છે. (ઉદાસીનો, દુઃખનો, વહાલનો)
15. કવિ દીકરીને સ્નેહનું _____ કહીને તેનું મહત્વ દર્શાવે છે. (વાદળ, ઝરણું, સાગર)
16. ગુજરાતીઓના શ્વાસમાં _____ નો ધબકાર વર્તાય છે. (નર્મદા, મહીસાગર, રત્નાકર)
17. 'હું એવો ગુજરાતી' કાવ્યમાં કવિ ગુજરાતી ભાષાને ..... કહીને ઓળખાવે છે. (ગરવી, તાતી, સૌમ્ય)
18. સૂર્યમંદિરે ગુંજરતો કવિ _____ નો ભૃંગ અનુભવે છે. (ધવલ તેજ, સુધારસ, વિસ્તાર)
19. 'હું એવો ગુજરાતી' કાવ્ય મુજબ ..... ના આયુધની ધાક બધી દિશાઓમાં છે. (મૌન, હાક, સત્ય)
20. 'હું એવો ગુજરાતી' કાવ્યમાં કવિને ગુજરાતી હોવાનું પ્રાદેશિક અભિમાન નહિ,પણ .....નો અંશ હોવાનું ગૌરવ છે. (ગુર્જરી, ભારતમાતા, મહાજાતિ)
21. 'માધવને દીઠો છે ક્યાંય?' કાવ્યમાં વાંસળીનો સૂર પોતે કૃષ્ણથી વિખૂટો પડીને શોધી રહ્યો છે, આ પ્રતીક દ્વારા કવિએ મુખ્યત્વે _____ નો ભાવ તીવ્ર બનાવ્યો છે. (આનંદ, ઉદાસીનતા, વિરહ)
22. 'જળમાં તે તેજ એનું એવું રેલાય હવે, પાતાળે હરિવર પરખાય' પંક્તિ દ્વારા કવિ _____ ની સ્થિતિ સૂચવે છે. (કૃષ્ણની અનુભૂતિ, યમુનાના પૂર, કૃષ્ણના વિયોગ)

23. રાધાની આંખની ઉદાસી અને યમુનાનાં મૂંગાં વહેણ દ્વારા પ્રકૃતિની _____ દર્શાવી છે.
(ચંચળતા, ભૌતિક સુંદરતા, કૃષ્ણવિરહમાં સહસંવેદના)

24. કવિ પરિચય મુજબ, હરીન્દ્ર દવેને તેમના સાહિત્યિક પ્રદાન માટે _____સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો. (દર્શક, નર્મદ, રણજિતરામ)

25. 'માધવને દીઠો છે ક્યાંય?' કાવ્યમાં 'મયંક'ના પ્રતીક દ્વારા કવિએ _____ નો સંકેત આપ્યો છે. (ચંદ્રરૂપી કૃષ્ણસ્મરણ, મોરનાં પીંછાં, ચાંદની)

26. 'શિકારીને' કાવ્ય મુજબ, જો કોઈ વ્યક્તિ હિંસાથી પક્ષીને મેળવવાનો પ્રયત્ન કરે તો તેને માત્ર .....જ પ્રાપ્ત થાય છે. (આત્મા, સ્થૂળ શરીર, મધુર અવાજ)

27. 'સૌંદર્યો પામતાં પહેલાં સૌંદર્ય બનવું પડે' - આ પંક્તિ દ્વારા કવિ ..... નો સંદેશ આપે છે. (આંતરિક રીતે સુંદર થવા, બાહ્ય રૂપ-રંગને સુધારવા, સુંદર વસ્તુઓના ઉપયોગ)

28. કવિના મતે પ્રકૃતિના સૌંદર્યને નષ્ટ કરવું કે વેડફી દેવું એ .....સમાન છે.
(પ્રભુપૂજા કરવા, પ્રકૃતિજતન કરવા, સૌંદર્યને પામવાની ભૂલભરેલી રીત)

29. 'પક્ષી તેના પ્રભુ સાથે હૈયામાં મળશે તને' - આ વિચાર દર્શાવે છે કે .....
(પક્ષીને મારવાથી જ પક્ષી મળે છે, જીવોના સંગીતમાં ઈશ્વરનો વાસ છે, બંધિત પક્ષીથી ઈશ્વર ખુશ થાય છે)

30. સમગ્ર સૃષ્ટિ પ્રત્યે અનુકંપા અને દયા રાખવી એ 'શિકારીને' કાવ્ય મુજબ.....ની ભાવના સાથે જોડાયેલું છે. (હિંસા, વસુધૈવ કુટુમ્બકમ્, સત્યમેવ જયતે)

31. કાવ્યનાયકના પગ આગળ વધતા નથી અને અવળા પડે છે, કારણ કે કાવ્યનાયકને _____ થી વિદાય થવાનું દુઃખ છે. (નવા શહેર, કામના સ્થળ, પોતાના વતન)

32. કાવ્યનાયક વતન છોડીને આગળ વધે છે ત્યારે થોડી વાર સુધી તેમની પાછળ પાછળ _____ ચાલે છે. (કૂતરો, વતનના લોકો, નાનું બાળક)

33. 'વતનથી વિદાય થતાં' કૃતિનો સાહિત્ય પ્રકાર _____ છે. (સૉનેટ, પદ, ગઝલ)

34. કાવ્યમાં 'આઘે વેકુરથી નદીની હજીયે આ આંગળીઓ રમે' - પંક્તિમાં 'વેકુર' શબ્દનો અર્થ _____ થાય છે. (નદીનો પ્રવાહ, નદીનું પાણી, નદીની જાડી રેતી)

35. કવિ જયંત પાઠકને તેમની કવિતા માટે .....સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો હતો.
(રણજિતરામ, કુમાર, નર્મદ)

36. 'બોલીએ ના કાંઈ' કાવ્યમાં કવિ આપણને વેણને _____ રાખવાનું કહે છે.

(મૌન, મધુર, કઠોર)

37. 'અવરને મન રસની કથા'માં 'અવર' શબ્દનો અર્થ _____ થાય છે. (આપણું, પારકું, ઉત્તમ)

38. 'માનમાં જવું એકલ, વીરા!' – પંક્તિમાં કવિ _____ જીવન જીવવાની પ્રેરણા આપે છે.

(આત્મનિર્ભર, ડરપોક, સ્વાર્થી)

39. 'કોણ ને કોની તાન?' આ પ્રશ્ન દ્વારા કવિ સમાજની _____ દર્શાવે છે.

(ઉદાસીનતા, એકતા, મમતા)

40. કવિ આપણી વ્યથાને અન્ય આગળ રજૂ કરવાને બદલે પોતે જ _____ કહે છે.

(જીરવવા, યાદ રાખવા, રડી પડવા)

G-1005: ટૂંકાં વાક્યોને શુદ્ધ ઉચ્ચારણ સાથે આરોહ-અવરોહનો ઉપયોગ કરીને લખે છે.

(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.

1. વૈષ્ણવજન કોઈના પર ઉપકાર કર્યા પછી પણ મનમાં શું નથી રાખતો?
2. વૈષ્ણવજન કોને વંદન કરે છે?
3. કાવ્ય અનુસાર, વૈષ્ણવજન વાણી, ચારિત્ર્ય અને મનને કેવાં રાખે છે?
4. વૈષ્ણવજન વાણી અને બીજાના ધન અંગે કઈ મર્યાદાનું પાલન કરે છે?
5. 'વૈષ્ણવજન' પદ કઈ મહાન વ્યક્તિને અતિપ્રિય હતું?
6. ‘રામનામ શું તાળી રે લાગી’ એટલે શું?
7. નરસિંહ મહેતા કોની માતાને ધન્ય ગણે છે?
8. વૈષ્ણવજન કાવ્યમાં ‘ચારિત્ર્ય’ માટે કયો શબ્દ પ્રયોજાયેલ છે?
9. નરસિંહ મહેતાના પદો કયા છંદમાં રચાયેલ છે?
10. મોહમાયા કોને સ્પર્શી શકતાં નથી?
11. ગંગાસતીનું પૂરું નામ જણાવી, તેમનું જન્મસ્થળ જણાવો.
12. ગંગાસતીએ પોતાની શિષ્યા પાનબાઈને કેટલા દિવસ સુધી અને કઈ રીતે રચનાઓ સંભળાવી હતી?
13. ગંગાસતીનાં જાણીતાં બનેલાં કોઈ પણ બે પદનાં નામ જણાવો.
14. ગંગાસતી કયા માર્ગે આગળ વધેલા હતા?
15. કાવ્ય મુજબ, 'શીલવંત' સાધુના ચિત્તની વૃત્તિ કેવી હોય છે?

16. 'તુરીયાનો તાર જાગી જવો' એટલે શું?
17. શીલવંત સાધુ માટે 'નામ અને રૂપ' કેવાં બની ગયાં હોય છે?
18. શીલવંત સાધુ શાનો વેપાર કરે છે?
19. ગંગાસતીએ પરમતત્વ માટે કયો શબ્દ પ્રયોજ્યો છે?
20. શીલવંત સાધુના જીવનમાં એકત્વ ક્યાં જોવા મળે છે?
21. 'શીલવંત સાધુને' ભજનની ધ્રુવપંક્તિ કઈ છે? તે કેટલી વાર પુનરાવર્તિત થાય છે?
22. ગંગાસતી પાનબાઈને કોનાં વચનોમાં વિશ્વાસ રાખવાનું કહે છે?
23. દીકરીના ઘડતરને કવિએ કોની સાથે સરખાવ્યું છે?
24. કવિને કોની ઝલકમાં દીકરીનાં દર્શન થાય છે?
25. દીકરીનું વ્યક્તિત્વ ભારતીય સંસ્કૃતિનાં કયાં-કયાં પ્રતીકો દ્વારા પ્રગટ કરવામાં આવ્યું છે?
26. દીકરી કઈ-કઈ સામાજિક મર્યાદાઓ અને વ્રતો વચ્ચે ઊછરે છે?
27. કવિને સગાંસંબંધીઓની ભીડમાં કેવા સમયે દીકરીની યાદ આવે છે?
28. ગઝલ સાહિત્યમાં શે'ર શબ્દ જેવા બીજા કયા શબ્દો પ્રયોજવામાં આવે છે?
29. 'દીકરી' ગઝલનાં પ્રત્યેક શેરમાંથી કયો ભાવ પ્રગટે છે?
30. 'હું એવો ગુજરાતી' કાવ્યની શરૂઆત કવિએ શાનાથી કરી છે?
31. 'હું એવો ગુજરાતી' કાવ્યમાં 'હું' શબ્દ કયો ભાવ દર્શાવે છે?
32. કાવ્ય મુજબ, ગુજરાતીઓની છાતી કઈ વાતથી ગજ ગજ ફૂલે છે?
33. કવિને પ્રત્યેક ગુજરાતીના પ્રાણમાં શેનું ધબકવું અનુભવાય છે?
34. કવિ નરસિંહ મહેતાને શા માટે યાદ કરે છે?
35. 'હું એવો ગુજરાતી' કાવ્યમાં ગુજરાતનાં કયા મધ્યકાલીન સાહિત્યકારોનો ઉલ્લેખ થયો છે?
36. 'હું એવો ગુજરાતી' કાવ્યમાં ગાંધીજી અને સરદાર પટેલ માટે કઈ વિશેષતાઓ દર્શાવવામાં આવી છે?
37. ગુજરાતી હોવા છતાં કવિ પોતાનું મસ્તક કોના ચરણોમાં નમેલું કે કોના આશીર્વાદ ગણાવે છે?
38. મારી માટીનો જાયો એટલે શું ?
39. 'હું એવો ગુજરાતી' ગીતમાં ગુજરાતની કઈ બાબત રજૂ થઈ છે?
40. દિગ્દિગંતમાં કયા શસ્ત્રની ધાક છે?

41. વાંસળીથી વિખૂટો પડેલો સૂર કોની છાંયમાં માધવને શોધે છે?
42. કવિ હરીન્દ્ર દવેનું જન્મસ્થળ અને તેમનો વ્યવસાય જણાવો.
43. રાતરાણી શાનાથી ન્હાય છે?
44. વાંસળીના સૂરને કઈ બાબત વ્યાકુળ કરે છે?
45. 'વિભાવરીનાં પગલાં' એ શાનો સંકેત છે?
46. સૂર પોતાની પાસે શું સાચવવાનું કહે છે?
47. મોરલીના આભમાં કોણ ઊગે છે?
48. કાવ્યના અંતે જળમાં તેજ રેલાતાં કવિને શાનો આભાસ થાય છે?
49. કવિ 'કલાપી'નું મૂળ નામ અને જન્મસ્થળ જણાવો.
50. કવિ શિકારી યુવાનને શા માટે સંહાર રોકવાનું કહે છે?
51. કવિ વિશ્વને કોનો આશ્રમ ગણાવે છે?
52. તીરથી પક્ષીનો શિકાર કરવાથી શું પ્રાપ્ત થાય છે અને શું પ્રાપ્ત થતું નથી?
53. કવિની દૃષ્ટિએ વિશ્વ કેવું છે?
54. 'શિકારીને' કાવ્ય કયા છંદમાં રચવામાં આવ્યું છે?
55. 'શિકારી' કાવ્યમાં કઈ ભાવના વ્યક્ત થઈ છે?
56. 'વતનની વિદાય થતાં' કાવ્યના કવિનો જન્મ ક્યાં થયો હતો?
57. કવિ વતનની કઈ કઈ વસ્તુઓ છોડીને જઈ રહ્યા છે?
58. વેચાઈ ગયેલું ઢોર કોને તલખે છે?
59. 'વતનથી વિદાય થતાં' કાવ્યમાં કાવ્યનાયકે કઈ પીડાને વ્યક્ત કરી છે?
60. 'વતનથી વિદાય થતાં કવિ શું અનુભવે છે?
61. કાવ્યનાયકને ગામની નદીની સાથે કઈ સ્મૃતિ તાદૃશ થાય છે?
62. 'વતનથી વિદાય થતાં' કાવ્યમાં કાવ્યનાયકને કયો ભ્રમ થાય છે?
63. 'વતનથી વિદાય થતાં' કાવ્યમાં ભાવસમૃદ્ધિ વધારવા કવિએ કયા અલંકાર પ્રયોજ્યા છે?
64. ચાલો,જીવ જવાનું આગળ .. પંક્તિમાં ચાલો જીવ શબ્દો કોના માટે પ્રયોજાયેલ છે?
65. 'બોલીએ ના કાંઈ' કાવ્યમાં કવિ આપણને આપણી વ્યથા વિશે શી સલાહ આપે છે?
66. કવિ રાજેન્દ્ર શાહને કયા કાવ્યસંગ્રહ માટે 'જ્ઞાનપીઠ' પુરસ્કાર મળ્યો હતો?
67. કવિ નેણ ભરીને કોને જોવાનું કહે છે?

68. વિજન માર્ગ પર ચાલતી વખતે આપણી સાથે માત્ર કોનો અવાજ હોય છે?

69. બોલીએ ના કાંઈ .. કાવ્યમાં કવિએ 'વીરા' શબ્દ કોના માટે વાપર્યો છે?

70. 'બોલીએ ના કાંઈ' કાવ્યના આધારે કહો કે, બીજા લોકો શામાંથી આનંદ મેળવે છે?

71. મનમાં દુઃખોનો અગ્નિ હોય ત્યારે બહારથી કેવું રૂપ ધારણ કરવાનું કવિ કહે છે?

72. 'બોલીએ ના કાંઈ' કાવ્ય જીવનની કઈ બાજુને રજૂ કરે છે?

73. સૂની સીમ અને કૂવાનાં દૃષ્ટાંતો દ્વારા કવિ શું સૂચવે છે?

G-1021: પાઠ્યપુસ્તક અને વાંચેલી, સાંભળેલી, જોયેલી સામગ્રીમાંથી માહિતી મેળવવા શા માટે? કેવી રીતે? જેવા પ્રશ્નો પૂછી ઉત્તર આપે છે.

(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો.

1. નરસિંહ મહેતાના મતે સાચો વૈષ્ણવજન બીજાનાં દુઃખ પ્રત્યે કેવું વલણ ધરાવે છે?
2. 'ધન ધન જનની તેની રે!' – એમ કવિ કોને અને શા માટે કહે છે?
3. વર્તમાન સમયમાં "પરધન નવ ઝાલે હાથ" અને "પરસ્ત્રી જેને માત રે" જેવાં મૂલ્યોની શા માટે જરૂરિયાત છે?
4. વૈષ્ણવજન પોતાના ચિત્ત કે મનને મોહ-માયાથી કેવી રીતે મુક્ત રાખે છે?
5. કાવ્યના આધારે જણાવો કે સાચા વૈષ્ણવજનનાં દર્શન કરવાથી કયું પુણ્ય મળે છે અને શા માટે?
6. નરસિંહ મહેતાના જીવન અને મુખ્ય સર્જન વિશે ટૂંકમાં લખો.
7. વૈષ્ણવજનને કવિ સકલ તીર્થસ્વરૂપ શા માટે કહે છે?
8. ગંગાસતી કોને નમવાની વાત કરે છે? શા માટે?
9. 'જેને જાગી ગયો તુરીયાનો તાર' દ્વારા ગંગાસતી શું સૂચવે છે?
10. ગંગાસતીના મતે માનવજીવનની સાર્થકતા કયાં કાર્યોમાં રહેલી છે?
11. શીલવંત સાધુનાં મન, વચન અને વાણી કેવાં હોય છે? શા માટે?
12. ગંગાસતી પાનબાઈને કેવી વ્યક્તિની સંગત કરવાનું કહે છે?
13. સાચા સાધુની સંગત કરવાથી આપણને શો લાભ થાય છે?
14. કવિ દીકરીમાં 'સ્વર્ગની એક-એક દેવીની ઝલક' અને 'સુખડ-ચંદન' જેવાં પવિત્ર પ્રતીકો શા માટે જુએ છે?

15. ‘કોતરે છે કોઈ વર્ષોથી ખડકમાં દીકરી’ – આ પંક્તિ દ્વારા દીકરીના ઉછેરમાં રહેલી કઈ મુશ્કેલીઓ અને સમર્પણનો ભાવ વ્યક્ત થાય છે?
16. દીકરી સમાજના કેવા વાતાવરણમાં અને કઈ મર્યાદાઓ વચ્ચે ઊછરે છે? કાવ્યના આધારે જણાવો.
17. ‘જે શિરે હું હાથ ફેરવતો, હવે એ હાથ દે’ – આ પંક્તિમાં પિતા-દીકરીના સંબંધોનો કયો સુંદર મોડ જોવા મળે છે?
18. સગાં-સંબંધીઓની ભીડમાં અને શરણાઈના સૂરમાં દીકરીના પિતાની કઈ મનોદશા પ્રગટ થાય છે?
19. ‘હું એવો ગુજરાતી’ કાવ્યના આધારે ગુજરાતના પ્રાકૃતિક વૈભવનું વર્ણન કરો.
20. ગુજરાતના સાંસ્કૃતિક અને ધાર્મિક વારસામાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે?
21. ‘હું કેવળ હું હોઉં છતાં, હું સદા હોઉં મહાજાતિ’ – આ પંક્તિનો અર્થ સ્પષ્ટ કરો.
22. 'હું એવો ગુજરાતી' કાવ્યના આધારે ગુજરાતી પ્રજાનાં ખમીર અને શૂરવીરતા વિશે લખો.
23. સત્યના આયુધની કઈ વિશેષતા છે?
24. કવિની છાતી શા માટે ગજગજ ફુલે છે?
25. વિનોદ જોશી કાવ્યની શરૂઆત અને અંત દ્વારા ગુજરાતી હોવાનું ગૌરવ કેવી રીતે પ્રગટ કરે છે?
26. 'માધવને દીઠો છે ક્યાંય?' કાવ્યમાં કૃષ્ણ વિરહને તીવ્ર બનાવવા માટે કવિએ પ્રકૃતિનાં કયાં-કયાં તત્વોનો ઉપયોગ કર્યો છે?
27. 'રાધાની આંખ ઉદાસ' અને 'યમુનાનાં મૂંગાં વહેણ' પાછળનું કાવ્યાત્મક કારણ સ્પષ્ટ કરો.
28. કવિ હરીન્દ્ર દવેના નોંધપાત્ર કાવ્યસંગ્રહો અને તેમને મળેલા પુરસ્કારો વિશે જણાવો.
29. "ઊડતું આવે જો અહીં મોરપીંછ તો..." પંક્તિ દ્વારા કવિ કયો ભાવ વ્યક્ત કરવા માંગે છે?
30. સૃષ્ટિનું સૌંદર્ય કવિને ક્યાં કયાં જોવા મળે છે?
31. રાતરાણી ઝાકળથી નહાય છે, કારણ કે....
32. કવિ પક્ષીને પામવા શું કરવાનું કહે છે?
33. "સૌંદર્યો પામતાં પહેલાં સૌંદર્ય બનવું પડે" – કવિના આ વિધાનનો અર્થ સ્પષ્ટ કરો.
34. કવિએ આ સમગ્ર વિશ્વને કોનો આશ્રમ કહ્યો છે? તેમાં 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના કેવી રીતે વ્યક્ત થઈ છે?

35. પ્રકૃતિનો ઉપભોગ કરવા અંગે કવિ શિકારીને શું સમજાવે છે?
36. કાવ્યના અંતે 'બધે છે આર્દ્રતા છાઈ તેમાં કૈં ભળવું ભલું' દ્વારા કવિ શો સંદેશ આપે છે?
37. વતનથી વિદાય થતી વખતે કવિ પોતાની આંખો અને પગની સ્થિતિ વિશે શું જણાવે છે?
38. "કેડી આગળ જાય, પાય અવળા, કેમે કરી ઊપડે" - આ પંક્તિ દ્વારા કવિ કઈ મનોસ્થિતિ વ્યક્ત કરવા માગે છે?
39. કૂતરાના ઉદાહરણ દ્વારા કવિ વતનપ્રેમ અને મર્યાદાનું કેવું આલેખન કરે છે?
40. "કાળના વહેણમાં પાછા ઉપરવાસ શક્ય વહવું" – આ વાત કવિ કયા સંદર્ભમાં અને શા માટે કહે છે?
41. વતનની નદી અને વેકુરની કઈ સ્મૃતિ કવિના મનમાં તાજી થાય છે?
42. "આપણી વ્યથા, અવરને મન રસની કથા" - આ પંક્તિ દ્વારા કવિ કયો જીવનસંદેશ આપે છે?
43. કવિ આપણી વ્યથામાંથી કેવી રીતે રસ્તો કાઢવાનું કહે છે?
44. કવિ આપણાં દુઃખોની કથા બીજાને કહેવાની શા માટે ના પાડે છે?
45. જીવનમાં ગમે તેવી વિષમ પરિસ્થિતિ આવે ત્યારે માણસે કેવી રીતે વર્તવું જોઈએ?
46. કાવ્યમાં "વહેણનાં પાણી ઝીલનારું તે સાગર છે વા કૂપ!" પંક્તિ દ્વારા શું દર્શાવવામાં આવ્યું છે?
47. 'બોલીએ ના કાંઈ' કાવ્યમાં કવિએ જીવનની હકારાત્મક બાજુને કઈ રીતે રજૂ કરી છે?

G-1008: ગદ્ય-પદ્યના હાર્દને સમજીને ઉત્તરો લખે છે અને મૌખિક કે લેખિત રજૂ કરે છે.

(ઈ) નીચેના પ્રશ્નોના સાત-આઠ વાક્યોમાં સવિસ્તાર ઉત્તરો લખો.

1. "સાચો સંત કે ભક્ત માત્ર બાહ્ય આડંબરથી નહીં, પણ આંતરિક ચારિત્ર્ય અને સમભાવથી ઓળખાય છે." — આ વિધાનને 'વૈષ્ણવજન' પદના આધારે નરસિંહ મહેતાએ દર્શાવેલાં લક્ષણોના સંદર્ભમાં મુદ્દાસર સ્પષ્ટ કરો.
2. "જે બીજાનું દુઃખ જાણે, તેના પર ઉપકાર કરે છતાં મનમાં અભિમાન ન રાખે" – આધુનિક સમાજમાં વૈષ્ણવજનનાં આવાં લક્ષણોનું શું મહત્ત્વ છે? કાવ્યને આધારે સમજાવો.
3. કાવ્યમાં દર્શાવેલ વૈષ્ણવજનનાં વાણી, વર્તન અને મનની નિર્મળતા સંબંધિત નિયમોનું વર્ણન કરી, આવા માણસનાં દર્શનથી 'ઇકોતેર પેઢી તરી જાય છે' – આ વિધાનની યથાર્થતા ચર્ચો.

4. ‘વૈષ્ણવજન’ કાવ્યમાં વ્યક્ત થયેલ નૈતિક મૂલ્યો જણાવી તેનું મહત્વ સમજાવો.
5. કવિ વૈષ્ણવજનને તીર્થસ્વરૂપ શા માટે કહે છે?
6. "મન-વચન-કર્મ એક હોવાં" - આ મૂલ્ય આજના આધુનિક સમાજમાં અને વ્યક્તિગત જીવનમાં કેટલું મહત્વનું છે? 'શીલવંત સાધુને' કાવ્યના સંદર્ભે તમારા વિચારો રજૂ કરો.
7. 'શીલવંત સાધુને' ભજનમાં વ્યક્ત થયેલો જીવનસંદેશ તમારા શબ્દોમાં લખો અને તેમાંથી આપણને કઈ પ્રેરણા મળે છે તે જણાવો.
8. ગંગાસતીએ ‘શીલવંત સાધુને’માં વર્ણવેલાં લક્ષણો આધ્યાત્મિક જીવનની ઉચ્ચ અવસ્થા દર્શાવે છે — મન, વચન અને વાણીની એકરૂપતાના સંદર્ભમાં આ વિધાનની ચર્ચા કરો.
9. શીલવંત સાધુને આધારે આદર્શ સંતના લક્ષણો જણાવો.
10. 'દીકરી' કાવ્યના આધારે દીકરીનો બાળપણથી લઈને મોટી થાય ત્યાં સુધીનો માતા-પિતા પ્રત્યેનો સ્નેહ અને સહયોગ વિસ્તારપૂર્વક સમજાવો.
11. "દીકરી સ્નેહ, શ્રદ્ધા અને સમર્પણનું પ્રતીક છે." — 'દીકરી' ગઝલના આધારે પિતા અને દીકરીના આત્મીય સંબંધોની સંવેદનશીલતા મુદ્દાસર સ્પષ્ટ કરો.
12. દીકરી સામાજિક બંધનો અને ડર વચ્ચે પણ પોતાનું વ્યક્તિત્વ કેવી રીતે ખીલવે છે તે 'દીકરી' કાવ્યના આધારે ચર્ચા કરો.
13. ‘દીકરી’ ગઝલના આધારે દીકરીના વ્યક્તિત્વ,સંસ્કાર અને સ્નેહભાવનું આલેખન કરો.
14. ‘હું એવો ગુજરાતી’ કાવ્યના આધારે ગુજરાતનો મહિમા તમારા શબ્દોમાં વિસ્તારથી વર્ણવો.
15. કાવ્યમાં દર્શાવેલ મહાન વિભૂતિઓ અને સાહિત્યિક-સાંસ્કૃતિક સંદર્ભોનો પરિચય આપો.
16. ‘હું એવો ગુજરાતી’ કાવ્યમાં વ્યક્ત થતી પ્રાદેશિક અસ્મિતા અને રાષ્ટ્રીય અસ્મિતા વચ્ચેનો સમન્વય સ્પષ્ટ કરો.
17. 'માધવને દીઠો છે ક્યાંય?' ગીતમાં વ્યક્ત થયેલી વાંસળીના સૂરની કૃષ્ણપ્રીતિ અને વિરહવેદના તમારા શબ્દોમાં વર્ણવો.
18. કાવ્યના આધારે કવિ હરીન્દ્ર દવેની સાહિત્યિક પ્રતિભા અને કાવ્યની ભાષાશૈલી તેમજ લય-માધુર્યની ચર્ચા કરો.
19. બાળકૃષ્ણના જીવન સાથે જોડાયેલાં પ્રતીકોનો કવિએ કાવ્યમાં કેવી રીતે કાવ્યાત્મક વિનિયોગ કર્યો છે? વિગતવાર સમજાવો.
20. 'શિકારીને' કાવ્યનો મુખ્ય ભાવાર્થ અને કવિનો પ્રકૃતિ-પ્રેમ તમારા શબ્દોમાં વર્ણવો.
21. "સૌંદર્યો વેડફી દેતાં ના ના સુંદરતા મળે" – કાવ્યના આધારે સાચાં સૌંદર્યદર્શન અને પ્રકૃતિ સંરક્ષણનું મહત્વ સમજાવો.

22. ‘ શિકારીને ..’ કાવ્યને આધારે ‘વસુધૈવ કુટુંબકમ’ ની વિભાવના સમજાવો.
23. કવિ શિકારીને કઈ શિખામણ આપે છે?
24. 'વતનથી વિદાય થતાં' સૉનેટમાં વ્યક્ત થયેલી વતનવિચ્છેદની વેદના તમારા શબ્દોમાં વર્ણવો.
25. કાવ્યમાં વપરાયેલાં વિવિધ દૃષ્ટાંતો અને રૂપકો દ્વારા કવિએ વતનની માયા કેવી રીતે પ્રગટ કરી છે? વિસ્તારથી સમજાવો.
26. 'વતનની વિદાય થતાં' કાવ્યનો મધ્યવર્તી વિચાર સ્પષ્ટ કરો.
27. 'બોલીએ ના કાંઈ' કાવ્યનો મુખ્ય ભાવ અને કવિએ આપેલો જીવનસંદેશ તમારા શબ્દોમાં વિસ્તારપૂર્વક લખો.
28. માણસે પોતાની વ્યથા પોતે જ સહેવી જોઈએ અને બહારથી શીતળતા રાખવી જોઈએ - આ વિધાનની યથાર્થતા કાવ્યના આધારે ચર્ચો.
29. "માનમાં જવું એકલ, વીરા!" - આ પંક્તિને કેન્દ્રમાં રાખીને 'વિજન માર્ગ' અને 'લોકમેળા'ની સ્થિતિને આધારે એકલતા અને આત્મસંયમનું મહત્ત્વ સમજાવો.

વિભાગ -C

G1003 શબ્દકોશનો ઉપયોગ કરી માન્ય જોડણી અર્થ,શબ્દવચ્ચેનો ભેદ તથા અન્ય સમાનાર્થી શબ્દો વિશે જાણે છે અને શીખે છે.

- નીચેના શબ્દોની સાચી જોડણી શોધીને લખો.

1. સમદ્રષ્ટિ (સમદ્રષ્ટી, સમદ્રષ્ટિ, શમદ્રષ્ટિ)
2. તૃસ્ણા (તૃષ્ણા, તૃષ્ણા, તૃશ્ણા)
3. નિરદોશ (નિર્દોશ, નિર્દોષ, નિર્દોસ)
4. ધુઆપૂઆ (ધૂંઆપૂંઆ, ધૂંઆપૂઆ, ધુંઆપુઆ)
5. ઝિંદગી (જીંદગિ, જીંદગી, જિંદગી)
6. ઉત્તિણ (ઉર્ત્તીણ, ઉત્તીર્ણ, ઉસ્તીર્ણ)
7. શિબીર (શિબિર, શિબીર, શીબીર)
8. સ્ફૂર્તિ (સ્ફુરતિ, સ્ફૂર્તિ, સ્ફૂર્તી)
9. ઓફિસર (ઓફીસર, ઑફિસર, ઑફિશર)
10. દિપ્તીવંત (દીપ્તીવંત, દિપ્તિવંત, દીપ્તિવંત)
11. આર્શીવાદ (આસીર્વાદ, આશીર્વાદ, આશિર્વાદ)
12. નૈસર્ગીક (નૈસરગિક, નૈસર્ગિક, નૈર્સગિક)

13. યુધીષ્ઠિર (યુધીષ્ઠીર, યુધિષ્ઠીર, યુધિષ્ઠિર)
14. મુર્તી (મુરાતી, મુર્તિ, મૂર્તિ)
15. ગૌરિવરત (ગૌરીવ્રત, ગૌરિવ્રત, ગઉરીવર્ત)
16. કિડીયારું (કીડીયારું, કીડિયારું, કિડિયારું)
17. યુનીવરસીટિ (યૂનીવર્સીટિ, યુનિવર્સીટી, યુનિવર્સિટી)
18. કારડીઓગામ (કાર્ડિયોગ્રામ, કાર્ડીયોગ્રામ, કાડિયોગ્રામ)
19. નીયમિત (નીયમીત, નિયમિત, નિયમીત)
20. શારિરિક (શારીરીક, શારિરીક, શારીરિક)
21. નૂકષાન (નુકસાન, નુકશાન, નૂકક્ષાન)
22. ધૂમરપાન (ધુમ્રપાન, ધૂમ્રપાન, ધ્રુમ્રપાન)
23. પરીશિથીતી (પરિસ્થિતિ, પરીસ્થિતિ, પરીસ્થીતી)
24. આશિષ (આશિષ, આશીષ, આશિશ)
25. ગરભદીપ (ગર્ભદિપ, ગર્ભદીપ, ગર્ભદ્વીપ)
26. મીનીટ (મિનીટ, મિનિટ, મીનિટ)
27. દિલગિરી (દિલગિરિ , દિલગીરિ, દિલગીરી
28. ચાતુરમાસ (ચાતુર્માસ, ચાતૃર્માસ, ચાતુંમાર્સ)
29. બૂભૂક્ષુ (બુભુક્ષૂ, બુભુક્ષુ, બુભૂક્ષુ)
30. કિમીયો (કિમિયો,કીમીયો, કીમિયો)
31. વીજળી (વીજળી, વિજળી,વીજળિ)
32. સુસ્ટી (સુષ્ટિ,સુષટી, સૂષ્ટી)
33. કૂતૂહલ (કુતુહલ, કુતૂહલ, કૂતુહલ)
34. તૂમુલ (તૂમૂલ, તુમુલ, તુમૂલ)
35. મૂહરુત (મૂહુર્ત, મુહૂર્ત, મુહુર્ત)

G 1009 કર્તા,કર્મ,ક્રિયાપદ,ક્રિયાવિશેષણ, સંધિ,સમાસ, નિપાત, સંયોજક, કૃદંત વગેરેની સમજ કેળવી લેખનકાર્યમાં ઉપયોગ કરે છે. સંજ્ઞા,લિંગ, વચન,વિભક્ત,કાળ,પ્રત્યય ને ઓળખે છે અને ભેદ પારખીને વાક્યપ્રયોગ કરે છે.

- નીચેના શબ્દોની સાચી જોડણી શોધીને લખો:

1. દૃષ્ટિ (દસ્ + તિ, દજ્ + તિ, દૃષ્ + તિ)
2. તૃષ્ણા (તૃ: + સણા, તૃસ્ + ના, તૃષ્ + ના)
3. વ્યાપ (વિ + યાપ, વ્ય + આપ, વિ + આપ)
4. પરિણામ (પરિ + નામ, પરી + નામ, પર્ય + નામ)
5. સંબંધ (સમં + બંધ, સમ્ + બંધ, સં + બદ્ધ)
6. નિર્દોષ (પરિ + નામ, પરી + નામ, પર્ય + નામ)
7. સૂર્યાસ્ત (સૂર્ય + અસ્ત, સુર્ય + અસ્ત, સૂર્યા + અસ્ત)
8. સંતોષ (સં + તોષ, સમ્ + તોષ, સંમ્ + તોષ)
9. સજ્જન (સજ્+ જન, સદ્ + જન, સત્+જન)
10. યુધિષ્ઠિર (યુધ + ઈષ્ઠિર, યુધી + સ્થિર, યુધિ + સ્થિર)
11. નરેન્દ્ર (નરે + ઇન્દ્ર, નર + ઈન્દ્ર, નર + ઇન્દ્ર)
12. આશીર્વાદ (આશિર્ + વાદ, આશીર્ + વાદ, આસિર્ + વાદ)
13. કદાપિ (કદા + અપિ, કદા + અપી, કદ + અપિ)
14. પીતાંબર (પિત+અંબર, પીત+અંબર , પીતા+આંબર)
15. સ્વાગત (સ્વ+આગત, સુ+આગત, સ્વું+ આગત)
16. કટાક્ષ (કટ+ અક્ષ, કટા+આક્ષ, કટ્ + અક્ષ)
17. વ્યસન (વ્ય+ અસન. વી + અસન, વિ+અસન)
18. નીરોગી (નિ+રોગી, ની+ રોગી, નિ: +રોગી)
19. પ્રત્યેક (પ્રત+ ઇક, પ્રતી+એક, પ્રતિ+એક)
20. દિગંત (દિગ+અંત, દિક્ +અંત, દિક+અંત)
21. વ્યાકુળ (વ્ય+આકુળ, વી +આકુળ, વિ +આકુળ)
22. સૃષ્ટિ (સૃજ+તી, સૃજ્ +તિ, સુ+ષ્ટિ)
23. ઉજ્જડ (ઉદ+જડ, ઉત્+જડ , ઉજ્+જડ)
24. વનાંચલ (વન+આંચલ, વનાં+અચલ,વન+ચલ)
25. શ્રવણ (શ્રો+અન, શ્રો+વન, શ્રાવ+અન)

- નીચેના શબ્દોની સંધિ જોડો:

1. નિસ્ + ચલ (નિશ્ચલ, નિસ્ચલ, નિષ્ચલ)
2. નિર્ + મળ (નિરમલ, નીર્મળ, નિર્મળ)
3. અભિ + આસ (અભયાસ, અભ્યાસ, અભિયાસ)
4. રામ + અયન (રામાયણ, રામાયન, રામાયણ)
5. શ્રત્ + ધા (શ્રદ્ધા, શ્રધ્ધા, શ્રત્ધા)
6. વિ +સાદ (વિષાદ, વિ+ષાદ, વી+સાદ)
7. પરિ+ઇકક્ષા (પરીક્ષા, પરિક્ષા,પરિક્શા)
8. પરમ+અર્થ (પરમર્થ,પરમાર્થ, પર્મેર્થ)
9. વન+અધિકારી (વનધિકારી, વનાધિકારી, વાનધિકારી)
10. દિક્+અંત (દિકત , દિગત,દિગંત)
11. હર+ઇન્દ્ર (હરીન્દ્ર, હરેન્દ્ર, હરિન્દ્ર)
12. ઉદ્+મત્ત (ઉન્મત, ઉદ્મત, ઉન્મત્ત)
13. મનઃ+હર (મનહર, માનહર, મનોહર)
14. સમ્+કૃતિ (સમકૃતિ, સંસ્કૃતિ, સામંકૃતિ)
15. દૂર્+ગંધ (દુર્ગંધ, દુશગંધ, દૂરગંધ)
16. સમ્+હાર (સંહાર, સન્હાર, સમંહાર)
17. સત્ +ઉપયોગ (સદુપયોગ, સદઉપયોગ, સતોપયોગ)
18. નૈ + અક (નાઇક, નાવિક, નાયક)
19. પો +અન (પાવન, પોઅન,પવન)
20. ને +અન (નયન, નેઅન, નાયન)

- નીચેના શબ્દોના સમાસ કૌંસમાંથી શોધીને લખો.

1. વૈષ્ણવજન _____(દ્વન્દ્વ સમાસ, કર્મધારય સમાસ, અવ્યયીભાવ સમાસ)
2. પરમાર્થ _____ (તત્પુરુષ સમાસ, ઉપપદ સમાસ, કર્મધારય સમાસ)
3. નરસિંહ _____ (તત્પુરુષ સમાસ, ઉપપદ સમાસ, કર્મધારય સમાસ)
4. પરધન _____(બહુવ્રીહિ સમાસ, કર્મધારય સમાસ, તત્પુરુષ સમસ)
5. સમદૃષ્ટિ _____(કર્મધારય સમાસ, ઉપપદ સમાસ, તત્પુરુષ સમાસ)
6. કામક્રોધ _____(તત્પુરુષ સમાસ, દ્વન્દ્વ સમાસ, ઉપપદ સમાસ)

7. અઠવાડિયુ _____(ઉપપદ સમાસ, દ્વિગુ સમાસ, તત્પુરુષ સમાસ)
8. આકાશવાણી _____(તત્પુરુષ સમાસ, મધ્યમપદલોપી સમાસ, દ્વન્દ્વ સમાસ)
9. સદ્‌બુદ્ધિ_____(કર્મધારય સમાસ, તત્પુરુષ સમાસ, બહુવ્રીહિ સમાસ)
10. ભલુંબૂરું _____(તત્પુરુષ સમાસ, દ્વન્દ્વ સમાસ, ઉપપદ સમાસ)
11. પર્વતારોહક _____(ઉપપદ સમાસ, તત્પુરુષ સમાસ, બહુવ્રીહિ સમાસ)
12. વરદાત્રી _____(દ્વન્દ્વ સમાસ, ઉપપદ સમાસ, તત્પુરુષ સમાસ)
13. વિધુર _____(ઉપપદ સમાસ, બહુવ્રીહિ સમાસ, કર્મધારય સમાસ)
14. ભયંકર _____(ઉપપદ સમાસ, તત્પુરુષ સમાસ, દ્વન્દ્વ સમાસ)
15. સુખડ-ચંદન _____(દ્વિગુ સમાસ, દ્વંદ્વ સમાસ, તત્પુરુષ સમાસ)
16. ભજનમંડળી_____(તત્પુરુષ સમાસ,મધ્યમપદલોપી સમાસ, દ્વન્દ્વ સમાસ)
17. દશાનન _____(દ્વિગુ સમાસ, બહુવ્રીહિ સમાસ, કર્મધારય સમાસ)
18. અનાથ _____(તત્પુરુષ સમાસ, કર્મધારય સમાસ, બહુવ્રીહિ સમાસ)
19. ભજનાનંદ_____(બહુવ્રીહિ સમાસ, મધ્યમપદલોપી સમાસ, દ્વંદ્વ સમાસ)
20. પાચનશક્તિ _____(ઉપપદ સમાસ, દ્વંદ્વ સમાસ, મધ્યમપદલોપી સમાસ)
21. કન્યાકેળવણી _____(તત્પુરુષ સમાસ, દ્વંદ્વ સમાસ, મધ્યમપદલોપી સમાસ)
22. મિલમજૂર _____(દ્વંદ્વ સમાસ, તત્પુરુષ સમાસ, મધ્યમપદલોપી સમાસ)
23. ભૂતકાળ _____ (તત્પુરુષ સમાસ, કર્મધારય સમાસ, ઉપપદ સંમાસ)
24. વૃંદાવન _____(બહુવ્રીહિ સમાસ, તત્પુરુષ સમાસ, દ્વંદ્વ સમાસ)
25. નરનારી _____(તત્પુરુષ સમાસ, દ્વંદ્વ સમાસ, ઉપપદ સમાસ)
26. દુહાછંદ _____(મધ્યમપદ લોપી સમાસ, દ્વંદ્વ સમાસ, તત્પુરુષ સમાસ)
27. નર્મદા _____(ઉપપદ સમાસ, તત્પુરુષ સમાસ, અવ્યયીભાવ સમાસ)
28. નવરાત્રી _____ (દ્વંદ્વ સમાસ, દ્વિગુ સમાસ, તત્પુરુષ સમાસ)
29. સજ્જન _____(તત્પુરુષ સમાસ, કર્મધારય સમાસ, ઉપપદ સમાસ)
30. ચાતુર્માસ _____(દ્વંદ્વ સમાસ, તત્પુરુષ સમાસ, દ્વિગુ સમાસ)
31. હરિવર _____(ઉપપદ સમાસ, કર્મધારય સમાસ, તત્પુરુષ સમાસ)
32. ક્ષિતિજ _____(કર્મધારય સમાસ, ઉપપદ સમાસ,બહુવ્રીહિ સમાસ)
33. માછીમાર _____(ઉપપદ સમાસ, તત્પુરુષ સમાસ, દ્વંદ્વ સમાસ)

34. વનશ્રી _____(તત્પુરુષ સમાસ, ઉપપદ સમાસ, બહુવ્રીહિ સમાસ)

35. આદિવાસી _____(તત્પુરુષ સમાસ, ઉપપદ સમાસ, દ્વંદ્વ સમાસ)

36. વિધવા _____(તત્પુરુષ સમાસ, બહુવ્રીહિ સમાસ, કર્મધારય સમાસ)

37. શાકભાજી _____(ઉપપદ સમાસ, દ્વંદ્વ સમાસ, તત્પુરુષ સમાસ)

38. ઉપરવાસ _____(અવ્યયીભાવ સમાસ,તત્પુરુષ સમાસ, ઉપપદ સમાસ)

39. વનાંચલ _____(ઉપપદ સમાસ, તત્પુરુષ સમાસ, બહુવ્રીહિ સમાસ)

40. ગૃહપ્રવેશ _____(તત્પુરુષ સમાસ, કર્મધારય સમાસ, બહુવ્રીહિ સમાસ)

41. નવજાત _____(ઉપપદ સમાસ,દ્વિગુ સમાસ, કર્મધારય સમાસ)

42. જશોદા _____(તત્પુરુષ સમાસ, ઉપપદ સમાસ, કર્મધારય સમાસ)

43. મધરાત _____(બહુવ્રીહિ સમાસ, ઉપપદ સમાસ, કર્મધારય સમાસ)

44. યથાસ્થાન _____(બહુવ્રીહિ સમાસ, તત્પુરુષ સમાસ, અવ્યયીભાવ સમાસ)

45. વિજન _____(તત્પુરુષ સમાસ, ઉપપદ સમાસ, બહુવ્રીહિ સમાસ)

G1003 શબ્દકોશનો ઉપયોગ કરી માન્ય જોડણી અર્થ,શબ્દવચ્ચેનો ભેદ તથા અન્ય સમાનાર્થી શબ્દો વિશે જાણે છે અને શીખે છે.

- નીચે આપેલા શબ્દોના જોડણીભેદ થતો અર્થભેદ જણાવો.

1. હોંશ – હોશ
2. ચિંતા –ચિતા
3. અકસ્માત –અકસ્માત્
4. શીલ –સીલ
5. વધુ-વધૂ
6. સુરત –સૂરત
7. પહેલાં –પહેલા
8. એકાંકી –એકાકી
9. સૂર –સુર
10. પરિણામ –પરિમાણ
11. શરત –સરત
12. માદા-માંદા

13. નશો – નસો

14. સંકટ – શકટ

15. પીડ –પિંડ

16. અલી –અલિ

17. અસ્ત્ર –શસ્ત્ર

18. સાલ –શાલ

19. પૂર –પુર

20. સાંજ –સાજ

21. ખચિત –ખચીત

22. દ્વીપ –દ્વિપ

23. કૂચી –કૂંચી

24. સંચિત – સચિત

25. વાસ –વાંસ

26. સાપ –શાપ

27. શર –સર

28. ગુણ –ગૂણ

29. કેસ –કેશ

30. કઠોર – કઠોળ

31. કોઢાર –કોઠાર

32. દિન –દીન

33. દંભ –દર્ભ

34. મજૂરી –મંજૂરી

35. ધણ –ધણ

36. તેજ – તે જ

37. વટ –વડ

38. વૃંદ –વૃંદા

39. ભવન – ભુવન

40. વાસુદેવ –વસુદેવ

41. શ્રાવણ –શ્રવણ

42. આકરું –આકળું

43. પ્રસાદ –પ્રાસાદ

44. પાણી –પાણિ

45. ચીર –ચિર

46. ઘાણી –ધાણી

G1006 અલંકાર શિક્ષણથી પરિચિત થઈ વિવિધ વિષયવસ્તુમાંથી અલંકારો ઓળખે છે અને તેને વિચારીને લેખનમાં ઉપયોગ કરે છે.

- નીચેની પંક્તિઓમાંના અલંકાર ઓળખાવો.

1. સકળ લોકમાં સહુને વંદે
2. મારા દીકરાને રેસના ઘોડાની જેમ દોડાવે છે.
3. હલકો અંધકાર ઉતરે છે.
4. હું એને જ કવિતા માનતો હતો.
5. આટલું ઘરડું ઝાડ આટલું પ્રફુલ્લિત થઈ શકે?
6. તું તો જાણે સુંદરીમાંથી શક્તિ બની ગઈ.
7. ગરોળીથી ડરનાર હવે મગર સાથે પણ લડી શકે એમ છે.
8. આકાશના તારાને ફૂલની જેમ વીણી શકે છે.
9. ભણેલા લોકો ખાવાપીવાની બાબતમાં અભણની માફક વર્તે છે.
10. સંકટ સમયની સાંકળ વારંવાર વપરાય તે યોગ્ય નથી.
11. સિગારેટનો ધુમાડો મનની બેચેનીનું જ વાયુસ્વરૂપ છે.
12. સૂર્યમંદિરે ગુંજરતો હું ધવલ તેજનો ભૃંગ.
13. એક શ્યામલ શ્યામા છત્રી મને ગમી.
14. વાંસના ઝુંડ ક્યાંક ઉન્મત્ત ગજયૂથ જેવાં.
15. ઘર સુધી દોડી જતી સર્પિલ ભૂખરી કેડીઓ.
16. જીવલો જવાનીમાં પણ ખખડી ગયેલો હાડપિંજર જેવો.
17. રાંકડી,ભોળી, લંગોટિયા પ્રજા મૂંગા ઢોર કરતાંય બદતર જીવન જીવતી.

18. મૂળાના પતીકાં જેવા રૂપિયા રોકડા કાઢીને આપ્યા છે.
19. વેચાઈ ગયું ઢોર જેમ તલખે કોઢાર.
20. ભારો લૈ ભૂતનો શિરે વણપૂછયે શા વેઠિયા ચાલવું.
21. ચાલો,જીવ જવાનું આગળ નહીં આ કાળના વ્હેણમાં.
22. આઘે ખેતર જોઉં બે કર કરી ઊંચા મને વારતી.
23. માણેકના કરૂણ ચિત્કારે એમનો પીછો પકડ્યો.
24. છોરો તો છે હાવ કિશન ભગવાન જેવો.
25. દેવકીના ખોળામાં બાળકને રૂપે તેજપુંજ ઝૂલવા લાગ્યો.
26. બાળકની ચીસ હવાને વીંધી ગઈ.
27. અવરને મન રસની કથા, ઈતર ના કંઇ તથા.

G1009 કર્તા,કર્મ,ક્રિયાપદ,ક્રિયાવિશેષણ, સંધિ,સમાસ, નિપાત, સંયોજક, કૃદંત વગેરેની સમજ કેળવી લેખનકાર્યમાં ઉપયોગ કરે છે. સંજ્ઞા,લિંગ, વચન,વિભક્ત,કાળ,પ્રત્યય ને ઓળખે છે અને ભેદ પારખીને વાક્યપ્રયોગ કરે છે.

- નીચેના શબ્દોમાં કયો પ્રત્યય લાગેલો છે તે જણાવો.

1. અભિમાન
2. વણલોભી
3. અસત્ય
4. નવલિકા
5. નિર્દોષ
6. અભ્યાસ
7. અભિનંદન
8. નસીબદાર
9. ભજન
10. નૈસર્ગિક
11. ભાષણ
12. બાળપણ
13. સમજણ

14. શારીરિક
15. નીરોગી
16. અનાથ
17. પ્રેમાળ
18. બેદરકાર
19. પ્રત્યેક
20. લખાણ
21. પ્રત્યક્ષ
22. પગારદાર
23. ઔદ્યોગિક
24. પ્રદેશ
25. ઉપભોગ
26. અમલદાર
27. દુર્દશા
28. પ્રામાણિક
29. અજ્ઞાન
30. વિજ્ઞાન
31. શોષિત
32. ઉજ્જડ
33. માનસિક
34. રાષ્ટ્રીય
35. ભારતીય
36. આર્થિક
37. નૈતિક
38. ગણિત
39. રિસાળ
40. ફગફગિયો

41. નિ: સ્તબ્ધ

G1003 શબ્દકોશનો ઉપયોગ કરી માન્ય જોડણી અર્થ,શબ્દવચ્ચેનો ભેદ તથા અન્ય સમાનાર્થી શબ્દો વિશે જાણે છે અને શીખે છે.

- નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ આપો.

1. અભિમાન
2. દૃઢ
3. નિંદા
4. જિહ્વા
5. જનની
6. સૂરજ
7. શૈશવ
8. ઘોડો
9. વાઘ
10. તકદીર
11. મહેમાન
12. સૌરભ
13. મૂર્તિ
14. ખોટ
15. બગીચો
16. સાકર
17. દૂધ
18. અંધકાર
19. ચિંતા
20. સિંહ
21. ભીડ
22. હાથ
23. અભણ
24. છળ
25. શરીર

26. નશો
27. અખબાર
28. ફૂર
29. સંકટ
30. નદી
31. રત્નાકર
32. તલવાર
33. ગ્રાહક
34. હુકમ
35. નાજુક
36. ઉપદેશ
37. શ્રદ્ધા
38. રાજા
39. વરસાદ
40. ધરતી
41. વિભાવરી
42. મયંક
43. ઝાકળ
44. તહેવાર
45. તળાવ
46. ગાયબ
47. ભૂખ
48. પવન
49. જંગલ
50. તરુ
51. તીર
52. મોર
53. શેરડી
54. ખેતર

55. કેરી
56. પ્રજા
57. ઘી
58. વિશ્વાસ
59. લોહી
60. ઋણ
61. શિશુ
62. હદ
63. આંખ
64. શ્વાન
65. ડુંગર
66. વેઠિયો
67. પ્રભાત
68. કટાક્ષ
69. મેંશ
70. અશ્રુ
71. હાથ
72. ખોળો
73. પુંજ
74. વીજળી
75. કૃષ્ણ
76. નાગ
77. વ્યથા
78. જલન
79. હૃદય
80. મૌન
81. ધવલ
82. મંદિર
83. ત્રાડ

84. જન્મ

85. અંગ

G1009 કર્તા,કર્મ,ક્રિયાપદ,ક્રિયાવિશેષણ, સંધિ,સમાસ, નિપાત, સંયોજક, કૃદંત વગેરેની સમજ કેળવી લેખનકાર્યમાં ઉપયોગ કરે છે. સંજ્ઞા,લિંગ, વચન,વિભક્ત,કાળ,પ્રત્યય ને ઓળખે છે અને ભેદ પારખીને વાક્યપ્રયોગ કરે છે.

- નીચે આપેલ સંજ્ઞાનો સાચો પ્રકાર લખો.

1. મોહ
2. કુળ
3. વૈષ્ણવજન
4. તૃષ્ણા
5. દર્શન
6. ક્રોધ
7. સંતોષ
8. ટુકડી
9. નિષ્ઠા
10. શૌર્ય
11. હિમાલય
12. સમજણ
13. ભીડ
14. કુમકુમ
15. માંદગી
16. પરિવાર
17. ગંદકી
18. અમૃત
19. નર્મદા
20. સંત
21. આશિષ
22. રશિયા
23. મૂર્ખાઈ

24. ઝાકળ
25. માધવ
26. રાણી
27. રાત
28. ચંદ્ર
29. રામાયણ
30. ઝુંડ
31. લાકડું
32. જમીન
33. અનાજ
34. નદી
35. કાગળ
36. ડાઘુ
37. શિકારી
38. સૌંદર્ય
39. ઘી
40. શાહુકાર
41. વફાદારી
42. વેઠ
43. દાળચોખા
44. ઢોર
45. રિસાળ
46. ડુંગર
47. ધણ
48. ગોકુળ
49. ભક્ત
50. પંચાજરી
51. વસુદેવ
52. વ્યથા

53. મેળો
54. શીતળ
55. કંચન

G 1014 જે તે કથનના અર્થઘટન અને અર્થપૂર્ણતા માટે વિવિધ શબ્દો, રૂઢિપ્રયોગો,શબ્દસમૂહો અને કહેવતો સાંભળે છે,સમજે છે,બોલે અને લખે છે.

- નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપો.

1. તાળી લાગવી
2. છકોતેર કુળ તારવા
3. માથે બેસવું
4. આંખ ભીની થવી
5. ભાવ ન પૂછવો
6. ભેજામાં ભૂંસું ભરાવવું
7. વટ પડી જવો
8. જીવ ઊંચો થવો
9. નાદ લાગવો
10. લાડ લડાવવા
11. હાશ થવી
12. તૂરિયાનો તાર જાગવો
13. ભવ પાર ઊતરવું
14. શિખરો સર કરવા
15. કાને પડવું
16. એળે જવું
17. હાથ દેવો
18. મન ભાંગી પડવું
19. સૂગ હોવી
20. મનનાં મેલા હોવું
21. દાવપેચ રમવા
22. પરસેવો પાડવો
23. ગજગજ છાતી ફૂલવી

24. ફાંફાં મારવા
25. કારગત નીવડવું
26. કદર કરવી
27. સંયમ રાખવો
28. લાલ કાર્પેટ બિછાવવી
29. ઠરીઠામ થઈ જવું
30. ઓથ લેવી
31. મજા લૂંટવી
32. ઘરોબો કેળવાઈ જવો
33. આંટી મારવી
34. ઘી-કેળાં હોવા
35. નવ નેજા પડવા
36. પેટે પાટા બાંધવા
37. ગળે વાત ન ઊતરવી
38. તકાદો કરવો
39. દૂધે ધોઈને આપવું
40. લોહી ચૂસવું
41. મોંનો કોળિયો ઝૂંટી લેવો
42. હૈયું ઉઝરડાવું
43. રિસાળ થવું
44. ટાંટિયા વાળી નાખવા
45. પીછો પકડવો
46. બેવડ વળી જવું
47. હૃદય ખોલવું

➢ નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

1. સર્વ તરફ એક સમાન નજર
2. સંસાર પ્રત્યેની મોહમાયા ઊઠી જવી તે
3. સારી અને પવિત્ર સમજણ
4. ત્રણ કલાકનો સમય

5. જગતના બધા પદાર્થોમાં એકાત્મભાવ
6. શારીરિક રીતે સશક્ત
7. વરદાન આપનારી દેવી
8. હૃદયના ધબકારા આલેખતું યંત્ર
9. વ્યંગમાં કહેવાયેલું હોય તે
10. રોગ પેદા કરનાર અતિ સૂક્ષ્મ જીવાણું
11. સહન ન કરી શકાય તેવું
12. કાણાવાળા ગરબામાં મૂકેલો દીવડો
13. અડગ રહવું તે
14. ટકી રહે તેવું મજબૂત
15. આકાશ અને પૃથ્વીના મિલનની કાલ્પનિક રેખા
16. શબને સ્મશાનમાં લઈ જનાર વ્યક્તિઓ
17. આંખને ગમી જાય તેવું
18. મનને હરી લે તેવું
19. પરિવાર જેવો સંબંધ
20. નાટક ભજવવા માટેની જગ્યા
21. વ્યાજે નાણાં ધીરધાર કરનાર
22. મૂળ રકમ તે
23. આર્થિક બદલો આપ્યા વિનાની કરાતી મજૂરી
24. ગાયોનો સમૂહ
25. નદીની કંકારાવાળી જાડી રેતી
26. ઢોરને બાંધવાની જગ્યા
27. પવન કે પાણીના વહનની વિરુદ્ધ દિશા
28. જમીન કે પર્વતમાં ઊંડો પહોળો ખાડો
29. દુઃખના લીધે ઊંહકારા કરવા
30. દુનિયાને મોહ પમાડે તેવું હાસ્ય
31. તાજેતરમાં જન્મેલ બાળક
32. બાળકને સુવડાવવા માટે ગાવામાં આવતું ગીત
33. વૃક્ષોની હારમાળા

34. જન્મદિવસ પ્રસંગે ઉજવાતું વર્ષ

35. માણસોની અવરજવર વિનાનું

36. શારીરિક તેમજ માનસિક દુઃખ

G1009 કર્તા,કર્મ,ક્રિયાપદ, વિશેષણ,ક્રિયાવિશેષણ, સંધિ,સમાસ, નિપાત, સંયોજક, કૃદંત વગેરેની સમજ કેળવી લેખનકાર્યમાં ઉપયોગ કરે છે. સંજ્ઞા,લિંગ, વચન,વિભક્તિ,કાળ,પ્રત્યય ને ઓળખે છે અને ભેદ પારખીને વાક્યપ્રયોગ કરે છે.

- નીચેના વાક્યોમાંથી વિશેષણ શોધી, પ્રકાર લખો.

1. કુળ ઇકોતેર તાર્યા રે..
2. સૌરભને શાળાના શ્રેષ્ઠ વિદ્યાર્થીનું શિલ્ડ મળ્યું.
3. હા બેટા, ચાલ બહુ મોડું થઈ ગયું.
4. સદાય ભજનનો વ્યાપાર
5. શીલવંત સાધુને વારેવારે નમીએ
6. આટલું ઘરડું ઝાડ આટલું પ્રફુલ્લિત થઈ શકે?
7. એ નાજુક કન્યાનું નામ મનીષા હતું.
8. પેલો.. ગુલમહોર કેવો ખીલ્યો છે.
9. મનીષા દેસાઇ નામની એક નમણી અને નાજુક કન્યા.
10. દર્દીઓના કાને આજકાલ બે શબ્દો અચૂક પડે છે.
11. અતિશય ચિંતા પેટના અલ્સરને ખો આપે.
12. સ્વચ્છ હૉસ્પિટલમાં લીલા પાટિયા પર સુંદર લખાણ હોય છે.
13. હું મારી માટીનો જાયો
14. મોસમનો પહેલો વરસાદ પડ્યો.
15. પેલા સજ્જનનો આભાર માન્યો.
16. હું થોડો ગભરાયો.
17. તમારી છત્રી ટકાઉ હશે જ.
18. સાચવશું સુંવાળા રંગ
19. મારી તે મોરલીના આભમાં ઊગે છે એક શ્યામના નામનો મયંક.
20. આહવા જતાં પહેલાં ત્રણ દિવસ અંકલેશ્વર રોકાયો.
21. ડાંગીઓનું મોટું સરઘસ સામે મળ્યું.
22. ભોળી પ્રજાને આવું જીવનસત્ય કેમનું લાધ્યું હશે?

23. વનસંપદાનું આટલું આદિમ મનોહર રૂપ !
24. ત્રણસોક મીટર ઊંચેથી પાણી પડે છે.
25. જીવલા પર કડક ઉઘરાણી થાય.
26. અમે ત્રણ જણા શીરો ખાવા બેઠા.
27. જીવલો દાનતનો શુદ્ધ.
28. ગોવિંદને મોકલી ગાયનું પાશેર ઘી મંગાવ્યું.
29. રિસાળ શિશુને બોલાવતી બા હતી!
30. માણેકના કરૂણ ચિત્કારે પીછો પકડ્યો.
31. પ્રાણમાં જલન હોય તોય ધારીએ શીતળ રૂપ !

➢ નીચેના વાક્યોમાંથી ક્રિયાવિશેષણ શોધી, પ્રકાર જણાવો.

1. પરધન નવ ઝાલે હાથ રે.
2. બારણે ઉપરાછાપરી ઘંટડી વાગી.
3. અંકિત થોડીવારમાં ઘસઘસાટ ઊંઘી ગયો.
4. હળવે હળવે અંધકાર ઉતરી રહ્યો હતો.
5. અમે મક્કમ રહ્યાં
6. ફોરમનો હાથ પકડીને મંજુકાકી ધીમેધીમે ચાલે છે.
7. શીલવંત સાધુને વારેવારે નમીએ.
8. ચિત્તની વૃત્તિ જેની સદાય નિર્મળ.
9. માણસને જોઈને ઝનૂનથી પ્રતિકાર કરે છે.
10. નાજુક છોકરી તારું નામ રટીરટીને તપ કરતી હતી.
11. એ સિંહ પર સવારી કરે એવી છે.
12. ઊછરેથી રોજ કાયમથી ફડકમાં દીકરી
13. મુંબઈની ટ્રેનમાં ભજનમંડળી ધૂમ મચાવે છે.
14. માણસ પોતાના શરીર સાથે નિર્દયતાપૂર્વક વર્તે છે.
15. હું સદા હોઉં મહાજાતિ.
16. દુકાનદાર મારી સામે ધારીધારીને જોઈ રહ્યા.
17. તમે ગઈ સાલ છત્રી લેવા આવેલા ખરા!
18. પત્રલેખકની શ્રદ્ધા ચોક્કસ વધુ પડતી હતી.
19. હું મક્કમ રહ્યો.

20. એ સલાહો હું પાંચ મિનિટમાં ભૂલી ગયો.
21. અમારી છત્રી એમ વરસદિવસમાં તૂટી ન જાય.
22. મારગની ધૂળને ઢંઢોળી પૂછે, મારા માધવને..
23. અગાઉ અંકલેશ્વર ગયો ત્યારે પત્ર લખવા ધારતો હતો.
24. રાજમાર્ગે ટપટપ કરતાં દોડીને એમને મળવા જઈએ.
25. નર્મદાએ હરહંમેશ ઝંકૃત કર્યો છે.
26. સાગનાં ઝાડ રાતોરાત કોઈએ શણગારી લીધાં.
27. લળી લળીને હેત કરતાં વાંસના ઝુંડનાં ઝુંડ.
28. પ્રિય કવિ રાજેન્દ્ર શુક્લ કાયમ સાથે જ રહે.
29. એમની લોકસંસ્કૃતિ આજેય એટલી જ જીવંત છે.
30. સૌંદર્યો પામતાં પહેલાં સૌંદર્ય બનવું પડે.
31. જીવલો અવારનવાર ઘરે આવતો.
32. બાને તેમના પૈસા નિયમિત મળતા.
33. જીવલાનાં છોકરાં ટીકીટીકીને જોઈ રહ્યાં હતાં.
34. ભીખલાને હીરો બો ભાવે.
35. અમે તરત પાછા જવાના હતા.
36. રાત આખી અજંપામાં ગાળી.
37. એકાએક ફગફગિયો દીવો બુઝાઇ ગયો.
38. આકાશને કદીક વીજળી વીંધી જતી હતી.
39. વરસાદ એકધારો પડવા લાગ્યો.

G 1002 ધ્વનિઘટકો શીખીને તેમાંથી શબ્દો અને વાક્યરચનાઓ બનાવે છે તેમજ સમજપૂર્વક બોલે અને લખે છે.

- નીચેના શબ્દોની ધ્વનિઘટકો (સ્વર-વ્યંજન) છૂટા પાડો.

1. વૈષ્ણવ
2. નરસિંહ
3. નિશ્ચલ
4. સમદૃષ્ટિ
5. વૈરાગ્ય
6. તૃષ્ણા

7. નિર્દોષ
8. બુદ્ધિ
9. મુઠ્ઠી
10. વિદ્યાર્થી
11. કાર્યક્રમ
12. પ્રતિબિંબ
13. મૂર્તિ
14. શીલવંત
15. વૃત્તિ
16. પરમાર્થ
17. શત્રુ
18. વિશ્વાસ
19. નિર્મળ
20. સ્ફૂર્તિ
21. નૈસર્ગિક
22. સિદ્ધિ
23. સાર્ત્ર
24. ભયંકર
25. યુધિષ્ઠિર
26. આજ્ઞા
27. નિર્ભય
28. સ્વરૂપ
29. હૃદય
30. પ્રકૃતિ
31. વરદાત્રી
32. ગૌરીવ્રત
33. ચંદન
34. કીડિયારું
35. સમર્પણ

36. કાર્ડિયોગ્રામ
37. નર્મદા
38. ગર્ભદીપ
39. શૃંગ
40. નવરાત્રિ
41. દ્વારિકા
42. વૃંદાવન
43. સૃષ્ટિ
44. સાન્નિધ્ય
45. વિક્રમ
46. ચાતુર્માસ
47. ક્ષમાયાચના
48. વ્યાકુળ
49. મોરપિચ્છ
50. મયંક
51. હરીન્દ્ર
52. નારેશ્વર
53. ઔદ્યોગિક
54. ક્ષિતિજ
55. બુભુક્ષુ
56. વૈચિત્ર્યમ્
57. અંગરક્ષક
58. અગ્ન્યસ્ત્ર
59. સંસ્કૃતિ
60. દૃશ્ય
61. તાત્ત્વિક
62. મિત્રવર્ય
63. સંહાર
64. શિકારી

65. આશ્રમ

66. આર્દ્રતા

67. ઇન્દ્રજાળ

68. દરિદ્રનારાયણ

69. અર્ધનગ્ન

70. દુર્દશા

71. શ્વાન

72. ભ્રમણા

73. નિ:સ્તબ્ધતા

74. મુહૂર્ત

75. આશીર્વાદ

76. આબેહૂબ

77. નેત્ર

78. શ્રાવણ / શ્રવણ

79. અશ્રુધારા

80. કૃષ્ણ

81. કટાક્ષ

82. પ્રાણ

83. શ્રુતિ

84. સ્મૃતિ

85. હિમાલય

વિભાગ -D

G1020 પત્ર,અર્થવિસ્તાર,નિબંધ,અહેવાલ,વિશે વિચારે છે,સમજે અને લખે છે.

G 1013 ગદ્ય-પદ્યની સમીક્ષા કરે છે અને સારાંશ મેળવીને તેના વિશે બોલે કે લખે છે.

- નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં વિચારવિસ્તાર કરો.

1. મારા થકી જ મોલ એવું વાવને હું પદ આવિયું
   પણ બોલ્યા વિના જ વેણ,ઓલ્યાં વાદળ વરસે વાવમાં
2. કામધેનુને મળે ના એક સૂકું તણખલું
   ને લીલાં છમ ખેતરો આખલા ચરી જાય છે.

3. ત્રણ વાના મુજને મળ્યાં, હૈયું, મસ્તક અને હાથ
બહુ દઇ દીધું નાથ! જા, ચોથું નથી માંગવુ.
4. સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી
ચણાયેલી ઇમારત તેના નકશામાં નથી હોતી.
5. વિદ્યા પુસ્તકમાં અને પર કબજામાં ધન,
ભીડ પડે કામ ના'વે એ વિદ્યા ને ધન.
6. કે હીન જન્મે નવ હીન માનવ;
કે હીન કર્મે કરી હીન માનવ
7. ઝેરનું અમૃત બનાવી દઉં પરંતુ મુજ કને,
પ્રીત મીરાંની નથી, નરસિંહનું કીર્તન નથી.
8. ગઈ સંપત ફરી સાંપડે, ગયાં વળે છે વહાણ;
ગત અવસર આવે નહિ, ગયા ન આવે પ્રાણ!
9. પૈસા ને વળી પદવીનો, વિશેષ શો વિશ્વાસ;
રાવણ કેરી સિદ્ધિ પણ, પળમાં પાણી નાશ.
10. વિપત પડે ના વલખીએ, વલખે વિપત ન જાય;
વિપતે ઉદ્યમ કીજિયે, ઉદ્યમ વિપતને ખાય!
11. સજ્જન કેરા સંગથી ટળે બધે પરિતાપ
સીલ લાખ પર દાબતાં ઉત્તમ ઊઠે છાપ
12. હૈયે વડવાનલ જલે તોયે સાગર ગાય
હસી જાણે જગ ઝેર પી,સંત તે કહેવાય.
13. મનુષ્યના કર્મની કાલિમાને સમર્થ ધોવા લઘુ અશ્રુબિંદુ.
14. આવ નહીં આદર નહીં, નહીં નયનોમાં નેહ
તે ઘેર કદી નવ જઈએ કંચન વરસે મેહ
15. મરતાં મરતાં સંતો બીજાઓને સુખી કરે;
બળતો બળતો ધુપ સુવાસિત બધું કરે.
16. નગુણે વાસ ન રાખીએ, સગુણાની પત જાય;
ચંદન પડિયું ચોકમાં, ઈંધણ મૂલ વેચાય.
17. કડવા હોય લીમડા, પણ શીતળ તેની છાંય,
બાંધવ હોય અબોલડા, તોય પોતાની બાંય.

18. ઊંચીનીચી ફર્યા કરે, જીવનની ઘટમાળ.
    ભરતી તેની ઓટ છે, ઓટ પછી જુવાળ.
19. સોબત કરતાં શ્વાનની બે બાજુનું દુઃખ,
    ખીજ્યું કરડે પિંડીએ રીઝ્યું ચાટે મુખ.
20. જગની સૌ કડીઓમાં, સ્નેહની સર્વથી વડી
21. શમે ના વેરથી વેર, ટળે ના પાપ પાપથી;
    ઔષધ સર્વ દુઃખોનું, મૈત્રીભાવ સનાતન.
22. હણો ના પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં;
    લડો પાપો સામે અડગ દિલના ગુપ્ત બળથી.
23. અંધ ને અજ્ઞ એ બેમાં ઓછો શાપિત આંધળો;
    એકાંગે પાંગળો અંધ, અજ્ઞ સર્વાંગે પાંગળો.
24. ચહું થાવા હું યે મધુર ખીલતું પુષ્પ નવલું
    પરંતુ ના ઈચ્છા જીવન જીવવા તાડ તરુનું
25. ન્યાય, નીતિ સહુ ગરીબને, મોટાંને સહુ માફ,
    વાધ માર્યું માનવી, એમાં શો ઇન્સાફ!

- અહેવાલ લેખન:

1. તમારી શાળામાં યોજાયેલ સ્વચ્છતા અભિયાન કાર્યક્રમનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો.
2. તમારી શાળામાં યોજાયેલ 'યોગદિન' નો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો.
3. તમારી શાળામાં સ્વાતંત્ર્યદિન ભવ્ય ઉજવણી કરવામાં આવી તેનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો.
4. તમારી શાળામાં યોજાયેલ 'વૃક્ષારોપણ દિન' ની ઉજવણી અંગેનો અહેવાલ એકસો શબ્દોમાં લખો.
5. તમારી શાળામાંથી વતનિવૃત્ત થયેલ શિક્ષકશ્રીના વિદાય સમારંભનો અહેવાલ એકસો શબ્દોમાં લખો.
6. તમારી શાળામાં ઉજવાયેલ કવિ જયંતીનો અહેવાલ એકસો શબ્દોમાં લખો.
7. તમારી શાળામાં યોજાયેલ પુસ્તક પ્રદર્શનનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો.
8. તમારા વિસ્તારમાં યોજાયેલ રકતદાન શિબિરનો અહેવાલ એકસો શબ્દોમાં લખો.
9. તમારા વિસ્તારમાં અતિવૃષ્ટિને કારણે થયેલ નુકસાનનો અહેવાલ એકસો શબ્દોમાં લખો.

10. ગુરુપૂર્ણિમાની શાળામાં કરેલી ઉજવણીનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો.
11. તમારી શાળામાં યોજાયેલા વિજ્ઞાન-પ્રદર્શનનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો.
12. મારી શાળામાં વૃક્ષારોપણ સપ્તાહ ઊજવવામાં આવ્યું હતું તે પ્રસંગનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો.
13. તમારી શાળાનો વિદ્યાર્થી કે શાળાની વિદ્યાર્થિની બોર્ડ પરીક્ષામાં જિલ્લામાં પ્રથમ નંબરે આવ્યાં છે. એના સન્માનમાં શાળામાં યોજાયેલ સમારંભનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં જણાવો.
14. તમારી શાળામાં યોજાયેલ 'શિક્ષકદિન'ની ઉજવણીનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો.
15. તમારી શાળામાં યોજાયેલ લોકગીત સ્પર્ધાનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો.

➢ નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.

1. સ્ત્રી અને પુરુષ આ મુસાફરી જેવા જીવનમાં એકસાથે સુમેળ ન હોય, તો એ તાલબદ્ધ અને કર્ણપ્રિય હોતું નથી એમ પતિ અને પત્નીમાં સુમેળ ન હોય, તો જીવન સંવાદી હોતું નથી. બંનેની પાસે બંને જણાં વર્તન અને વ્યવહારની બાબતમાં તદ્દન ચોખાપણું ઇચ્છે છે; પરંતુ જો પતિ પત્નીને વફાદાર રહેવા તૈયાર ન હોય તો પત્ની પણ કંઈ પતિને વફાદાર રહેવા બંધાયેલી નથી. જગતનો નિયમ છે કે કોઈ વ્યક્તિ જે રીતે વર્તે એ જ રીતે તે જોઈને બીજી વ્યક્તિ પણ વર્તતી હોય છે. અલબત્ત, પતિ અને પત્ની પોતપોતાની ઇચ્છા પ્રમાણે સ્વચ્છંદ આચરણ કરનારાં ન બને, પણ પોતાના પગ ઉપર જ ઊભાં રહેનારાં અને સામાના આચારવિચારને યોગ્ય આદરથી સ્વીકારનારા બને. આમ નથી થતું તેથી જ પતિ અને પત્નીના જીવનમાં નાની વાતોને બહુ મોટું રૂપ આપી મોટા ઝઘડા અને સંઘર્ષો થાય છે.
2. શિસ્તના બે પ્રકાર છે: સ્વયંશિસ્ત અને ફરજિયાત શિસ્ત, સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે ઘમઘમ' એ ન્યાય મુજબ વિદ્યાર્થીઓ પર ફરજિયાત શિસ્ત લાદવામાં આવે છે; પરંતુ આજના જમાનામાં આવી શિસ્ત કારગત નીવડી શકે તેમ નથી. સ્વયંશિસ્ત કે સ્વૈચ્છિક શિસ્તના વાતાવરણમાં જ બાળકોનો સાચો વિકાસ થઈ શકે છે. ફરજિયાત પળાવવામાં આવતી શિસ્તમાં ભય હોય છે. સ્વયંશિસ્તમાં ભયને કોઈ સ્થાન હોતું નથી. વ્યક્તિઓ જાતે જ સમજી-વિચારીને શિસ્તનું પાલન કરે છે. આપણામાં સ્વયંશિસ્તની ભાવના કેળવાયેલી હશે તો અમેરિકા અને ઇંગ્લેન્ડની જેમ આપણા દેશની પણ પ્રગતિ થઈ શકશે. શિસ્તના અભાવે અનેક સમસ્યાઓ ઊભી થાય છે. શાળાઓમાં વિદ્યાર્થીઓની અનિયમિતતા, ધોંધાટ, માલ-મિલકતનું નુકસાન, હડતાલ, મારામારી વગેરે ગેરશિસ્તનાં જ પરિણામ છે. શિસ્તને સદ્વ્યવહાર સાથે ગાઢ સંબંધ છે. જ્યાં વિનય, વિવેક અને જવાબદારીની ભાવના હોય છે ત્યાં શિસ્ત જળવાય છે અને વાતાવરણ સુખદ બને છે.

3. પશ્ચાત્તાપ એ એક કીમતી ધર્માનુભવ છે. જે વાસણ માટી કે રાખથી સાફ થતાં નથી તે જેમ તેજાબથી સાફ થાય છે ને કાટ બધો ઓગાળી કે બળી જઈ વાસણ ચળકવા માંડે છે, તેવી જ રીતે ધર્મજીવન પર બાઝેલી કેટલીયે શિથિલતા પશ્ચાત્તાપથી દૂર થઈ જાય છે અને માણસ એકાએક પલટો ખાય છે. ખરેખર પશ્ચાત્તાપની અસર તેજાબથી ઓછી નથી હોતી. સૃષ્ટિ માટે ને એમાંય માનવજીવન માટે ઈશ્વરની યોજના છે મંગળ ને પવિત્ર. એમાં ભંગાણ પાડી શકે માનવીની મૂર્ખાઈથી, પણ એ ભંગાણ પાછું સંધાય છે. માનવીના પશ્ચાત્તાપથી ને ઈશ્વરની અનહદ કૃપાથી. આખરે એની એ દિવ્ય યોજના આગળ ચાલવાની જ.

– કાકા કાલેલકર

4. “પુસ્તક આધુનિક માનવીને આનંદ આપનાર સૌથી અને સૌથી શિષ્ટ સાધન છે. તેનો આનંદ અનેરો હોય છે. પુસ્તકની પ્રશસ્તિ કરીએ એટલી ઓછી. માણસને એની સાથે એવી મહોબત છે કે પુસ્તક સાથે તે હસે છે, રડે છે, ઉદાસ થઈ જાય છે, આનંદ પામે છે. પુસ્તકની હાજરીમાં પોતાની જાત સાથે વાતો કરવા લાગે છે અને પોતાની જાતને ક્યારેક તો માત્ર પુસ્તક પાસે જ ખુલ્લી કરે છે. પુસ્તક માનવીને માટે દિલોજાન દોસ્ત છે. પુસ્તક એક વિસ્મયકારક વસ્તુ છે. તેને ભૌતિક શરીર હોય છે અને તેને આત્મા પણ હોય છે. વિચારો, લાગણીઓ, ધબકાર, જ્ઞાન, માહિતી કંઈ કેટલુંય સંયોજિત થઈને તેમાંથી પુસ્તક બને છે. તેની સાથે તમે વાતો કરી શકો છો, સફર કરી શકો છો.પુસ્તક એક જાદુઈ દીવો છે. દીવાની પાસે એકલા બેઠા હોઈએ અને સાથે પુસ્તક હોય એના જેવો આનંદ દુનિયામાં એકે નથી.

– મોહમ્મદ માંકડ

5. “લોકો મારું કામ જુએ કે ન જુએ, તેની કદર કરે કે ન કરે, મને શાબાશી આપે કે ન આપે, તોયે હું સંપૂર્ણ નિષ્ઠાથી અને મારી શક્તિના ઉચ્ચતમ ધોરણ મુજબ મારું એ કામ કરતો રહીશ. પરીક્ષા હોય કે ન હોય તો હું સરખી રીતે વાંચીશ, કસોટીના ગુણ છેલ્લા પરિણામ માટે ગણાય કે ન ગણાય તોયે હું તે સરખી કાળજીથી લખીશ; ક્રિકેટમૅચ ટ્રૉફી માટેની હોય કે ખાલી “મૈત્રીરમત’ હોય તોયે હું સરખા ઉત્સાહથી રમીશ. સ્થળ વળતરની આશા નહિ, પણ મારા લાયક કામ કર્યાનો આત્મસંતોષ એ મારું પ્રેરકબળ હશે. મનના આ વલણને કલાકારો “કલા ખાતર કલા’ કહે છે. પણ છે તો જુદી જુદી પરિભાષામાં એક જ સિદ્ધાંતના ભાષાંતર. કામને અર્થે જ કરેલું ઉત્તમ કોટિનું કામ. પૂજામાં દેવમૂર્તિને ચોખા ચડાવાય છે. ચોખાના દાણા અક્ષત હોવા ઘટે. એ સારા દાણા ભેગો એક તૂટેલો હોય તો “ચાલશે’ એમ માને તે સાચો પૂજારી નથી.”

- ફાધર વાલેસ

6. “મનુષ્યમાત્રનો પોતાના પડોશી પ્રત્યે પહેલો ધર્મ છે. એમાં પરદેશીનો દ્વેષ નથી અથવા સ્વદેશીનો પક્ષપાત નથી. શરીરધારીની સેવા કરવાની શક્તિને મર્યાદા છે. એ પોતાના પડોશીને મુશ્કેલીથી પહોંચી શકે છે. પોતાના પડોશી પ્રત્યેનો ધર્મ સહુ બરાબર પાળે તો જગતમાં કોઈ મદદ વિના દુઃખી ન થાય. પડોશીની સેવા કરનાર આખા જગતની સેવા કરે છે એમ કહી શકાય. પડોશી પ્રત્યેના ધર્મનું પાલન એટલે જગત પ્રત્યેના ધર્મનું પાલન. જગતની સેવા બીજી રીતે અશક્ય છે, જે પડોશીને તરછોડે છે ને પોતાના શોખને પૂરે છે તે સ્વેચ્છાચારી છે, સ્વચ્છંદી છે; તે કેવળ પોતાના માટે જ જીવે છે. જેને મન આખું જગત કુટુંબ છે તેનામાં બધાની સેવા કરવાની શક્તિ હોવી જોઈએ. જગતની સેવા પડોશીની સેવા વડે જ થઈ શકે.”

– ગાંધીજી

7. વિદ્યા અથવા જ્ઞાન એ મનુષ્યનું સૌથી મોટું આભૂષણ છે. કોઈ પણ રાષ્ટ્રની ખરી સંપત્તિ તેના ભૌતિક સાધનો કે સોના-ચાંદીના ભંડારો નથી, પરંતુ તે દેશના ચારિત્ર્યવાન અને ગુણવાન નાગરિકો છે. સાચી કેળવણી માત્ર પુસ્તકિયા જ્ઞાન પૂરતી મર્યાદિત ન હોવી જોઈએ; તેનો મુખ્ય ઉદ્દેશ મનુષ્યના હૃદય અને મનનો વિકાસ કરવાનો છે. આજના ઝડપી અને સ્પર્ધાત્મક યુગમાં, યુવાનો ઘણીવાર ભૌતિક સુખ-સગવડો પાછળ આંધળી દોટ મૂકે છે, પરિણામે નૈતિક મૂલ્યોનું પતન થઈ રહ્યું છે. જો શિક્ષણમાં સંસ્કાર અને સહાનુભૂતિનું સિંચન કરવામાં ન આવે, તો તે માત્ર એક યાંત્રિક પ્રક્રિયા બનીને રહી જાય છે. સ્વામી વિવેકાનંદે કહ્યું હતું તેમ, 'આપણે એવા શિક્ષણની જરૂર છે કે જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, મનની શક્તિ વધે, બુદ્ધિનો વિકાસ થાય અને માણસ પોતાના પગ પર ઊભો રહી શકે.' તેથી, સમાજ અને રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે માત્ર શિક્ષિત નહિ, પણ સુસંસ્કૃત નાગરિકો તૈયાર કરવા એ આજના સમયની સૌથી મોટી માંગ છે.

8. સમયની મૂડી તો દરેક પાસે સરખી જ હોય છે, પણ તેને ખર્ચવામાં તફાવત હોય છે. એક વ્યક્તિ તેને કરકસરથી યોજનાપૂર્વક, વ્યવસ્થિત રીતે ખર્ચે છે; જ્યારે બીજી વ્યક્તિ તેને આડેધડ અને અવિચારીપણે વેડફી નાંખે છે. પરિણામે એકને સંતોષ અને સફળતા મળે છે, બીજાને થાક અને નિષ્ફળતા. જે વ્યક્તિને પોતાનો સમય વાપરતાં આવડતું નથી, તેને કશું જ વાપરતાં આવડતું નથી. જો તમારી પાસે મર્યાદિત પ્રમાણમાં મૂડી હોય, તો તેમાં થતી બચત એ જ કમાણી છે. નવો સમય કોઈને મળી શકતો નથી. એટલે જે માનવ પોતાના સમયની વધુમાં વધુ બચત કરી શકે તેની પાસે વધુ સમય જમા થઈ શકે, અને જેની પાસે

સમય જમા થાય તેની પાસે શક્તિ પણ જમા થાય. સમય અને શક્તિ ભેગાં થાય એ પછી શું ન કરી શકે ? એ ધારે તે કરી શકે.

9. મોંઘવારી વધતી જાય છે તેમ તેમ નીતિ, પ્રામાણિકતા, સાદાઈ, નિષ્ઠા વગેરે જીવનનાં મૂલ્યો ઘસાતાં જાય છે. ગૃહસ્થાશ્રમી માણસ કોઈ પણ રીતે બે છેડા ભેગા કરવામાં ફાવતો નથી. રાજકારણીઓ, અમલદારો, વેપારીઓ અને ઉદ્યોગપતિઓને એ તાગડધિન્ના કરતા જુએ છે અને એના વિવેકની સરવાણી સુકાઈ જાય છે. ભ્રષ્ટાચારી બનવા તે લલચાય છે. ઋષિમુનિઓનાં સાદાં અને પવિત્ર જીવનની વાતોમાં એને રસ નથી. બુદ્ધ, મહાવીર અને ગાંધીના ઉચ્ચ આદર્શોમાં એને હવે શ્રદ્ધા નથી. સમાજનો દરેક વર્ગ આજે ગમે તે પ્રકારે પૈસા કમાવા માટે સંકોચ અનુભવતો નથી. સાદું જીવન અને ઉન્નત વિચારોની આજે હાંસી ઉડાવાય છે. શિક્ષણમાં મૂલ્યના પાઠ ઉમેરવાની વાતો ચાલે છે, પરંતુ માત્ર પોપટિયા પાઠ ભણાવવાથી કશું વળવાનું નથી. અધમણ વાત કરતાં અધોળ આચરણની વધુ અસર પડે છે અને એવું આચરણ જીવનના કોઈ સ્તરે આપણા દેશમાં દેખાતું નથી. સ્વરાજના ચાર દાયકાના ગાળામાં સામાન્ય જનની હાલતમાં કશો નોંધપાત્ર સુધારો થયો નથી.

10. વિકલાંગ માણસ જગતને ભારરૂપ છે એવી લાગણી હીન છે. ભારરૂપ જોવા જઈએ તો અસંખ્ય માણસો જડશે જે કેવળ નકામા કે પરોપજીવી જ નહિ, સમાજદ્રોહી પણ હોય છે. અપંગ વ્યક્તિમાં નિષ્ઠા અને દ્રઢ સંકલ્પશક્તિ હોય અને તેને યોગ્ય દોરવણી મળે, તો સતત પુરુષાર્થ કરીને તે સમાજની ઉત્તમ સેવા કરી શકે. અપંગની સેવા દ્વારા આપણામાં પણ સામાજિક ગુણો વિકસે છે. માનવતાની, સામાજિક જીવનની આ કેળવણી તત્ત્વતઃ ધાર્મિક કેળવણી છે. આના સંસ્કાર ધાર્મિક ગ્રંથિઓ અને અન્ય પૂર્વગ્રહોને ઓગાળે છે. માનવતાના અભ્યાસથી આપણે વધારે સારા દેશજન થઈ શકીશું. વધારે સારા હિંદુ કે મુસલમાન થઈ શકીશું. વિશ્વમાનવ કે પરમ પિતાનાં સાચા સાચા સંતાન થઈ શકીશું. જે બીજાનાં દુઃખો જોતો નથી, જે બીજાની આરત સાંભળતો નથી, જે સંકટગ્રસ્તોની મદદે દોડી જતો નથી તે જ અપંગ છે.

--વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

11. જગતમાં નઠારા કે સારા માણસ વચ્ચેનો ભેદ શાથી પડે છે ? માત્ર તેમના હૃદયની વૃત્તિથી જ પડે છે; રૂપ, રંગ, સમૃદ્ધિ, પોશાક કે સારી સારી વાતો તે કશાથી એ ભેદ પડતો નથી. સારી વૃત્તિ એટલે સારું જ્ઞાન. સારું જ્ઞાન એટલે જે ઉત્તમ પ્રકારની વાત જાણવામાં છે તે જ પ્રમાણે કરી બતાવવારૂપ અનુભવ. એમ જે માણસમાં હોય તે જ સારો માણસ. આમ, અનુભવ એ આ સંસારમાં સર્વત્ર આવશ્યક છે ને એના વિના નીતિ, વ્યવહાર, ધર્મ, કર્મ કશું

સારું થતું નથી. ઘણાંક એવાં મનુષ્ય પણ હોય છે કે જેમને મોટા મોટા વિચાર અને વાતો આવડતાં હોય નહિ, પણ જેમનો અનુભવ એવો પાકો થયો હોય કે જેથી વાતો કરનાર કરતાં પણ અતિ ઉત્તમ પ્રકારનાં તે હોઈ શકે. એ જ અનુભવનો મહિમા છે. એટલા જ માટે જેણે ઘણાં વર્ષ આ જગતમાં ગાળી ઘણો અનુભવ મેળવ્યો છે તે માનને પાત્ર છે."

– મણિલાલ દ્વિવેદી

12. કેટલીક વાર એવું બને કે સાચા દિલની પ્રાર્થનાનો ઉત્તર ન મળે,એવું બને ત્યારે નિરાશ ન થવું. શ્રદ્ધા ગુમાવવી નહીં, માનવું કે આપણી શ્રદ્ધાની કસોટી થઈ રહી છે. ભગવાન આપણા હૃદયને વધારે વિશુદ્ધ કરી રહ્યા હોય તેમાં વિલંબ તો થાય જ ને? એવી સમજ નહીં રાખી હોય તો અધીર બનીને ભગવાન વિશે અભાવ જાગશે. ઊંચા માર્ગ પરથી સરી જવાશે. નિશ્ચય પીગળી જશે માટે ધૈર્ય તો રાખવું જ પડે. કેટલીક વાર કડક પરીક્ષા થાય છે,ત્યારે એમ ન સમજવું કે પરમેશ્વરનું કાળજું કઠણ થઈ ગયું છે,એમનાથી આપણી પ્રાર્થના સંભળાતી નથી. પ્રાર્થનાનો ઉત્તર ન મળે કે મોડો મળે એમાં અજંપો શો? ભગવાન ફળ આપે ત્યારે એમનો આભાર માનવો એટલું તો સૌ કોઈ કરી શકે. પરંતુ એમને કરેલી પ્રાર્થના નિષ્ફળ જાય ત્યારે એમને કે પોતાના ભાગ્યને દોષ ન દેતાં ધીરજ રાખે તેવા સાધકો જ આગળ વધી શકે છે.

-સ્વામી શિવાનંદજી

13. આપણા જીવનમાંથી માવજતની માત્રા ઘટતી જાય છે, અને તૈયાર માલ ઓછી મહેનતે મેળવવાની તાલાવેલી વધતી જાય છે. આજ સુધી કોઈ માએ પોતાના દીકરાને વર્ષગાંઠે હોટલમાં જમાડ્યો સાંભળ્યો છે? કોઈ સમાજમાં આયા વડે સારાં છોકરાં તૈયાર થયાં છે? કોઈ હોટલની રસોઈમાં માની રસોઈનો હૂંફાળો સ્વાદ મળ્યો છે? એમાં ફરક છે માવજતનો. આ જમાનામાં જ્યારે લોકોને ઓછી મહેનતે વધુ પ્રમાણમાં તૈયાર વસ્તુની પ્રાપ્તિ માટે ધસતા જોઉં છું ત્યારે લાગે છે કે જાણ્યેઅજાણ્યે પણ લોકોમાં 'માવજત' ભુલાતી જાય છે. માવજત કરનારામાં પ્રમાણભાન, ધીરજ, હળવે હાથે કામ કરવાની આવડત, ક્ષમતા, સહનશક્તિ અને સ્નેહ હોવાં જોઈએ. કોઈ પણ ગરીબ માએ જહેમત ઉઠાવી ઉછેરીને ખૂબ ભણાવેલા મોટા દાક્તર દીકરાની પાછળ માવજતનો મંતર છે. કોઈ પણ સફળ દાક્તરની સફળતા પાછળ માવજતનો ટહુકો છે. કોઈ સફળ પ્રોફેસરના સુંદર વ્યાખ્યાનની છટા પાછળ માવજતનો ધ્વનિ છે. માવજતનો મંતર આ જમાનામાં સૌએ વાગોળવા જેવો, આચરવા જેવો છે. માવજત જીવન અજવાળશે.

14. સંવેદનશીલ વ્યક્તિનું હૃદય અન્યો માટે કુસુમ જેવું કોમળ અને પોતાને માટે વજ્ર જેવું કઠોર હોય છે. હૃદયની વાત હૃદયથી સાંભળી શકાય, કાનથી નહીં. અન્યો પ્રત્યેની સંવેદના આનંદ અને સંતોષનો અનુભવ કરાવે છે. પ્રાણીમાત્ર પ્રત્યેની સંવેદના હિંદુસ્તાનની ધરતીની મહેક છે એટલે જ અહીંના લોકો કીડીને કણ અને હાથીને મણ નાખવા જાય છે. અહીંના ચબૂતરા પર ચણ ચણતાં પક્ષીઓ અહીંની સંવેદનાના સંદેશવાહક છે. આ સંવેદનાના પ્રવાહમાં વહીને જ રવિશંકર મહારાજ અને ઠક્કરબાપા જેવાઓએ વગડે વગડે ફરીને લોકોનાં આંસુ લૂછ્યાં. ક્યારેક સંવેદનાનું દૃશ્ય રૂપ કર્મ હોય છે, તો ક્યારેક આંસુ. આંસુ તો ચલચિત્ર જોતાંય ખરી પડે છે. ચલચિત્ર એ વાસ્તવિકતા નથી છતાં સંવેદના જગાડવાની શક્તિ અભિનય અને સંવાદમાં છે. હૃદય દ્રવી ઊઠે ત્યારે આંસુ બનીને સરી પડતી સંવેદના નક્કર રૂપ ધારણ કરે તો તે કર્મશીલતામાં પરિણમે છે. અખિલ જીવનમાં જેણે કદી આંસુ સાર્યાં નથી એણે જીવનને કદી પ્રેમ કર્યો નથી.
15. કવિતા એ આત્માની કલા છે. આત્માના ખાસ ધર્મો - ચૈતન્ય, વ્યાપન અને અનેકતામાં એકતા એ કવિતામાં અવશ્ય હોવા જોઈએ. જે કવિતામાં ચૈતન્ય નથી તે કવિતા જ નથી. કવિતા આત્મા પેઠે વ્યાપનશીલ હોવી જોઈએ. આત્મા જેમ પિંડમાં અને બ્રહ્માંડમાં, બુદ્ધિમાં, હૃદયમાં, અને કૃતિમાં અને એ ત્રણેથી પર પરમાત્મા રૂપમાં બિરાજી રહેલો છે. તેમ કવિતા પણ મનુષ્યના બુદ્ધિ, હૃદય, કૃતિ અને અંતરાત્મા એટલે ધાર્મિકતા - એ સૌની જરૂરિયાતો સંતોષે એવી હોવી જોઈએ. કવિતામાં રહેલો ત્રીજો આત્મધર્મ અનેકતામાં એકતા છે. એક જ મુખ્યબિંદુની આસપાસ અનેક પાત્રો પ્રસંગો, ઉક્તિઓ, રસવૈવિધ્ય અને વર્ણોની રચના તેમાં કવિનું મહત્ત્વ રહેલું છે.

-આનંદશંકર ધ્રુવ

- ગમે તે એક વિષય પર આપેલા મુદ્દા આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.

1. પરિશ્રમ એજ પારસમણિ

   (પ્રસ્તાવના - પરિશ્રમનું મહત્ત્વ - વિદેશમાં શ્રમયુક્ત જીવન - પરિશ્રમ વિના પ્રારબ્ધ પાંગળું - સફળ વ્યક્તિનાં દૃષ્ટાંત - ઉપસંહાર)
2. નારી તું નારાયણી

   (પ્રાચીન સમયમાં નારીનું સ્થાન - ભારતમાં નારીની ચડતી - પડતી - સ્ત્રી શક્તિની જાગૃતિ- આજની નારી અબળા નહિ સબળા - પુરુષ સમોવડી - નારાયણી સ્વરૂપા નારી)

3. દીકરી ઘરની દીવડી

(પ્રસ્તાવના - દીકરી પ્રત્યે સમાજનું વલણ - પરિવારનું અનમોલ મોતી દીકરી - સ્ત્રી ભ્રૂણહત્યા- સામાજિક અસમતુલા - સામાજિક સમસ્યાઓ - પ્રજાકીય જાગૃતિની આવશ્યકતા - ઉપસંહાર)

4. એકવીસમી સદીની વૈશ્વિક સમસ્યાઓ

(પ્રસ્તાવના - વૈશ્વિક સમસ્યાઓ - સમસ્યાની ગંભીરતા - નિવારણ માટે પગલાં - વિશ્વબંધુત્વ એ જ વિકલ્પ - ઉપસંહાર)

5.જીવનમાં રમતગમતનું સ્થાન

(પ્રસ્તાવના - જીવમાત્રનો સ્વભાવ - માનવીના જીવનમાં રમતોનો પ્રવેશ - અનેક શોખોમાંનો એક શોખ - રમત-ગમત - કૌશલ્યનું ઘડતર - રમતના શોખની મર્યાદાઓ - ઉપસંહાર)

6.કુદરતનાં હાસ્ય અને તાંડવ

(પ્રસ્તાવના - બહુરુપિણી કુદરતનાં વૈવિધ્યપૂર્ણ સ્વરૂપો - હાસ્ય સ્વરૂપો - તાંડવ સ્વરૂપો – કુદરત દ્વારા સમતોલન - માનવીની વામનતા - ઉપસંહાર)

7. પુસ્તકોની મૈત્રી

(પ્રસ્તાવના- મૈત્રીનો અર્થ – સારા પુસ્તકોનો જીવનફાળો- સારા પુસ્તકોથી થતાં લાભ- નઠારા પુસ્તકોથી થતાં ગેરલાભ- ઉપસંહાર)

8. આધુનિક યુગનું મહાદૂષણ : પ્રદૂષણ

(પ્રસ્તાવના- પ્રદૂષણ એટલે શું? – વિવિધ પ્રકારના પ્રદૂષણો- પ્રદૂષણથી માનવજીવન પર અસર- પ્રકૃતિ પર અસર – ઉપસંહાર)

9. મારો યાદગાર પ્રવાસ

(પ્રસ્તાવના – જીવનમાં પ્રવાસનું મહત્ત્વ- જોયેલા સ્થળનું વર્ણન- અનુભવો- ઉપસંહાર)

10. વૃક્ષ ઉગાડો,પર્યાવરણ બચાવો

(પ્રસ્તાવના- વૃક્ષોની ઉપયોગિતા- વસ્તીવધારા સાથે ઊભા થયેલા પ્રદૂષણના પ્રશ્નો- ઉકેલ ઉપસંહાર)

11. વસંત -વનમાં અને જનમાં

(પ્રસ્તાવના – ભારતનો ઋતુક્રમ – વસંતનું માદક વાતવરણ- વસંત અને માનવજીવન- વસંત- એક અજોડ ઋતુ – ઉપસંહાર)

12. બળબળતા જામ્યા બપોર

(પ્રસ્તાવના- બપોરનું વાતાવરણ- ગરમીની લોકો પર અસર- પ્રકૃતિ પર અસર- બપોરનું સૌંદર્ય- ઉપસંહાર)

13. રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા

(પ્રસ્તાવના- ભારતમાં એકતાનું રૂપ- પ્રાંતવાદનું ઝેર- એકતાનું મહત્ત્વ- વિદેશી આક્રમણો અને રાષ્ટ્રીય એકતા- એકતા માટે જરૂરી પ્રયાસો- દેશવાસીઓની સમજદારી- ઉપસંહાર)

14. મોબાઇલના લાભાલાભ

(પ્રસ્તાવના- એકવીસમી સદીની વૈજ્ઞાનિક સિદ્ધિ – સંદેશા વ્યવહારના ઉપકરણો- ટેક્નોલૉજીનું અદ્‌ભુત સર્જન- વિવિધ ઉપયોગ અને લાભો- ગેરલાભો- ઉપસંહાર)

15. પ્રાર્થના -જીવનનું બળ

(પ્રસ્તાવના – ઈશ્વરના ઋણી – વિવિધ ધર્મોમાં પ્રાર્થના – પ્રાર્થનાની શક્તિ અને તેનાં ઉદાહરણ– પ્રાર્થનાના સંસ્કાર – ઉપસંહાર)

16. સૃષ્ટિનો છે એક જ પોકાર, દીકરી બચાવી કરો ઉદ્ધાર

(પ્રસ્તાવના – અંધશ્રદ્ધા – ઘર-કુટુંબ અને સમાજનો દુરાગ્રહ – લાચાર યુવતીની મનોદશા – પુત્રની લોલુપતા -હત્યા – ઊભી થયેલી સામાજિક અસમાનતા – ઉપાયો)

17.મારા શૈશવનાં સંસ્મરણો

(પ્રસ્તાવના – બાળપણની ટેવ – બાલમંદિરનાં સંસ્મરણો – પહેલા ધોરણનાં સંસ્મરણો – પ્રાથમિક શાળાનાં સંસ્મરણો – રજાઓનાં સંસ્મરણો – ઉપસંહાર)

18. મિત્રતાની મીઠાશ

(પ્રસ્તાવના- મૈત્રીનો મહિમા – મિત્રની મહત્તા – સાચા મિત્રોથી થતા લાભ – આદર્શ મૈત્રીનાં પ્રાચીન ઉદાહરણ – સુખદુ:ખનો સાથી)

19.. માતૃપ્રેમ

(પ્રસ્તાવના – માતાનાં અનન્ય ત્યાગ અને વાત્સલ્ય -નિ:સ્વાર્થ પ્રેમ –બાળકના ઘડતરમાં માતાનો ફાળો–જનનીની અજોડતા–માતાને ભવ્ય અંજલિ–પશુપક્ષીઓમાં માતૃપ્રેમ–ઉપસંહાર)

20. ભ્રષ્ટાચાર એ જ શિષ્ટાચાર

(પ્રસ્તાવના – ભ્રષ્ટાચારની માનવજીવન પર અસર – વિવિધ ક્ષેત્રોમાં ભ્રષ્ટાચાર – ઉપસંહાર)

21. મારા સ્વપ્નનું ભારત

(પ્રસ્તાવના- ભારત પવિત્ર અને મહાન ભૂમિ – વર્તમાન દશા – મારા સ્વપ્નનું ભારત – ઉપસંહાર)